**સુવિચાર**

સાંસારિક જીવન તો એવું જ છે જયાં કોઈને કોઈ ભૂલચૂક થઈ શકે છે. 'માણસ માત્ર ભૂલને પાત્ર.'

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૧/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૮૬

## સોમનાથ જયોતિર્લિંગ, ધ્વજદંડ અને ચંદ્ર એક હરોળમાં આવ્યા


# ભૈ વાહ : સોમનાથ ખાતે કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ અમૃતવર્ષા યોગ રચાયો

દર વર્ષે માત્ર એક વખત કાર્તિકી પૂર્ણિમાની મધ્ય રાત્રિએ થોડી મિનિટો માટે અદ્દભૂત ઘટના બને છે

સોમનાથ અમૃત વર્ષા સંયોગનાં દર્શન સમયે શિવભક્તોમાં જય સોમનાથનો નાદ ગુંજી ઉઠયો

ચંદ્ર પોતાના નાથ સોમનાથ મહાદેવની પોતાની પૂજા એટલે કે પ્રકાશથી કરે છે અભિષેક

આ સંયોગનાં દર્શન કરવા દેશ-વિદેશનાં શ્રધ્ધાળુઓ પ્રતિ વર્ષે સોમનાથ પહોંચે છે



સોમનાથ, તા. ૨૭

કરોડો ભકતોની અખંડ આસ્થાના કેન્દ્ર એવા પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે પ્રતિ વર્ષ કાર્તિકી પૂર્ણિમાની મધ્ય રાત્રીના ૧૨ કલાકે અદભુત ખગોળીય સંયોગ રચાય છે. જેમાં વર્ષમાં માત્ર ૧ જ વખત ખાસ કાર્તિકી પૂર્ણિમાની રાત્રીએ ચંદ્રદેવ, શ્રી સોમનાથ મંદિરનાં શિખર પરનું ત્રિશુલ ધ્વજદંડ અને શ્રી સોમનાથ જયોતિર્લિંગ એક જ ક્ષિતિજમાં આવે છે. માનવામાં આવે છે કે જે સ્થાન પર ચંદ્રદેવને ક્ષય રોગમાંથી શિવજીએ મુકિત આપી હતી તે જ સ્થાન પર શ્રી સોમનાથ મહાદેવનો અભિષેક કરવા માટે પ્રતિવર્ષ કાર્તિકી પૂર્ણિમાની રાત્રીએ ચંદ્ર પોતે પધારે છે અને પોતાની પ્રભા એટલે કે પોતાની શીતળ ચાંદનીથી શ્રી સોમનાથ મંદિરનો અભિષેક કરે છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

## બે ઘેટાને મોતને ઘાટ ઉતાર્યા

# લીલીયા-પુંજાપાદરમાં વરસતા વરસાદ વચ્ચે ઘેટાનાં ટોળા ઉપર બે સિંહોનો હુમલો

**માલધારીએ કરેલ હાંકલા-પડકારા નિષ્ફળ રહ્યાં**




અમરેલી, તા. ૨૭

લીલીયા તાલુકાનાં પૂંજાપાદર ગામે ગઈકાલે ધીમીધારે વરસતા વરસાદ વચ્ચે ઘેંટાના ટોળા ઉપર બે સિંહો ત્રાટકીને ૫ ઘેટાંના શિકાર કર્યા હતાં. આ સમયે માલધારી પણ ત્યાં હાજર હોય, પોતાના કિંમતી પાલતુ પશુઓને બચાવવા માટે સિંહોને ભગાડવા માટે હાકલા પડકારા કરવા છતાં પણ આ બે સિંહોએ પાંચ ઘેટાંના શિકાર કર્યા હતાં. જે પૈકી ૧ ઘેટાને લઈને સિંહો કાંટાળી વાડમાં ઘૂસી ગયા હતાં. આમ ગઈકાલે ધીમીધારે વરસતા વરસાદ વચ્ચે ઘેંટાના ટોળા ઉપર બે સિંહો ત્રાટકતા માલધારી ઉપર અચાનક આફત આવી પડી હતી. જયારે દિવસ દરમ્યાન બે સિંહોએ શિકાર કરતા આ પંથકમાં ભયનું વાતાવરણ ફેલાયું હતું.

## વ્હીસલ બ્લોઅર અને પત્રકાર પ્રતાપ ખુમાણ લેશે આગેવાની

# સાવરકુંડલામાં આજે પરપ્રાંતિય શખ્સોની છેતરપીંડીનો ભોગ બનેલ દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવાશે

**ભોગ બનનારને સવારે ૧૦ કલાકે નાયબ કલેકટર કચેરીનાં મેદાનમાં ઉપસ્થિત રહેવા અનુરોધ**



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલામાં થોડા દિવસો પહેલા પરપ્રાંતિય શખ્સોએ "ગોલ્ડ સ્ટાર હોમ નીડસ"નાં નામે દુકાન ખોલીને રાહતદરે ઈલેકટ્રોનીકસ ઉપકરણ આપવાનાં બ્હાનાતળે કથિત લાખો રૂપિયાની છેતરપીંડી કરીને સેંકડો પરિવારો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરીને નાસી છુટયાની ઘટના બની હતી.

આ અંગે વ્હીસલ બ્લોઅર અને પત્રકાર પ્રતાપ ખુમાણે રાજય સરકારની મદદ મેળવીને ભોગ બનનારને ન્યાય મળે તે માટે આગેવાની લઈને આવતીકાલ મંગળવારે સવારે નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવવાનું જાહેર કરેલ હોય, જે કોઈ વ્યકિત પરિવાર કે સંગઠન ભોગ બન્યા હોય તેઓને સવારે ૧૦ કલાકે મામલતદાર કચેરી પટાંગણ, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

**ઉત્સાહી માણસો જોઈએ છે**

- રિસેપ્શનીસ્ટ 0૨ પગાર.....10,000/-
- હાઉસ કીપીંગ 0૨ પગાર.......૮,000/-

માત્ર જેન્ટસ લોકોએ જ સંપર્ક કરવો (રહેવા-જમવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ)

**હોટલ એન્જલ**
ભગવતી ચોક, માણેકપરા, સુદર્શન હોસ્પિટલ સામે, અમરેલી
મો. ૯૬૬૨૯ ૬૫૯૮૭

Since 1986
**બાલમુકુંદ** જવેલર્સ પ્રા.લી. (જંગરવાળા)

કારેલાથી પણ કડવો માણસ ખરા સમયે કામ આવે છે, જયારે સાકરથી પણ મીઠો માણસ ઘણીવાર જિંદગી બરબાદ કરી નાંખે છે...!!

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત

**બીજા સત્રમાં પ્રવેશ ચાલુ છે**

સ્કૂલ કાર્યક્ષેત્ર
બાલમંદિર થી ધો. ૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ
ગુજરાતી અને ઇંગ્લીશ મિડીયમ (ગર્લ્સ અને બોયઝ)

હોસ્ટેલ કાર્યક્ષેત્ર
ધો. ૪ થી કોલેજ સુધી ભાઇઓ અને બહેનો માટે અલગ-અલગ હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ

- ૧૧૦ એકરનાં વિશાળ કેમ્પસમાં રમત-ગમત મેદાન સાથે ખુલ્લા મુકત વાતાવરણમાં આપના બાળકોનું ભવિષ્ય ઘડતર કરતી સંસ્થા.
- શિક્ષણ, સંસ્કાર તેમજ ઉજ્જવળ કારકિર્દી લક્ષી પ્રેકટીલ વોકેશનલ અભ્યાસ
- સ્પોર્ટસ સ્કૂલ જેમાં બાળકો નેશનલમાં શ્રેષ્ઠ પરિણામ મેળવી રહ્યા છે

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં. 94262 35335
vidyasabhasankul@gmail.com

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

નર્સીંગ સ્ટાફ
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## ઠેકઠેકાણે માર્ગો તોડી પડાતા શહેરીજનોની પરેશાની વધી

# સાવરકુંડલામાં ગેસની પાઈપલાઈનની કામગીરીમાં નિયમોની ઐસી–તૈસી

**પાલિકાનાં શાસકોએ પાઈપલાઈનની કામગીરી કરતી કંપનીને જરૂરી સુચના આપવી જોઈએ**

**શહેરીજનો પાઈપલાઈનથી ઘરે ગેસ આવશે તે બાબતથી ખૂશ પણ કામગીરીથી નારાજ**

**જ્યાં માર્ગનું ખોદકામ થાય ત્યાં યુધ્ધનાં ધોરણે બુરાણ કરવું એ નિયમ છે**

**કોઈ મોટો અકસ્માત થાય તે પહેલા કંપની અને પાલિકાનાં સત્તાધીશો ગંભીરતા દાખવે**



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરમાં ઘરે ઘરે ગેસની પાઈપ લાઈન લાગે તે માટે સરકાર દ્વારા કામગીરી પૂરજોશમાં ચાલુ છે પણ શહેરી વિસ્તારોમાં ગુજરાત ગેસ દ્વારા પાઈપ લાઈન બિછાવવાની કામગીરીઓને કારણે સાવરકુંડલાના શહેરીજનો વ્યાપક પણે હાલાકીનો સામનો કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સાવરકુંડલા શહેરમાં ઘરે ઘરે ગેસની પાઈપ લાઈન પાથરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે ને ગેસ કનેકશન માટેની પાઈપ લાઈન લગાવવા માટે ગેસ કંપની દ્વારા જાહેર માર્ગો પર ખાડાઓ કરીને પાઈપ લાઈન અંગે યુદ્ધના ધોરણે કામ તો કરી રહી છે પણ કામગીરીઓમાં ક્ષતિઓ રહી જવાને કારણે ઠેર ઠેર જગ્યાએ ખાડાઓ ખોદીને બુરવામાં આવતા ના હોવાથી વાહનચાલકો આવા ખાડામાં ફસાઈ જાય છે ને વાહનો અટવાઈ જાય છે. જયારે અનેક ફરિયાદો એવી પણ મળી રહી છે કે કંપની દ્વારા પાઈપ લાઈન પાથરવામાં ખાડાઓ અને લાઈન બુરવાની કામગીરીમાં છીંડા જોવા મળી રહ્યા હોય ને શહેરીજનો હાલાકી ભોગવી રહ્યા છે. જયારે પાલિકા દ્વારા ગેસ કનેકશન કંપની પાસે કરેલા કરાર મુજબની કામગીરી કરે છે કે કેમ તે અંગે પણ પાલિકા તંત્ર દ્વારા તપાસ થવી જરૂરી છે ને શહેરીજનોને ગેસની પાઈપ લાઈનની કામગીરીઓ પૂર્ણ જે વિસ્તારોમાં થઈ ગઈ છે ત્યાં પાઈપ લાઈન બુરવામાં આવી છે કે કેમ તેની પણ તપાસ કરવી જોઈએ તેવું પ્રબુદ્ધ લોકો ઈચ્છી રહ્યા છે. ત્યારે ઘરે ઘરે ગેસ પાઈપ લાઈન ફિટીંગ થાય તે સારી બાબત છે પણ પાઈપ લાઈન ફિટીંગ વખતે લાઈન બુરવાની કામગીરી પણ સંગાથે થાય તો અકસ્માતોની ઘટનાઓ પણ ઘટે ને વાહનચાલકો કે રાહદારીઓને હાલાકીનો સામનો ના કરવો પડે તે અંગે પાલિકા તંત્ર દ્વારા જાગૃત્તિ દાખવે તે ઈચ્છનીય છે.

---

### ધારીનાં સેકન્ડ એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

## ધારી : માણાવાવ ગામે થયેલ જાન લેવા હુમલાની ઘટનાનાં આરોપીઓ નિર્દોષ જાહેર થયાં

**આરોપી તરફે એડવોકેટ વનરાજવાળા અને એડવોકેટ ઉદયભાઈ બારોટની દલીલો સફળ**





અમરેલી, ૨૭

આ કામનાં ગુન્હાની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનાં ફરીયાદી હરેશભાઈ નજુભાઈ વાળાની સાથે અગાઉ થયેલ તકરારની અદાવાત રાખી ત્હોમતદાર નં.૧ જયરાજભાઈ ગોરખભાઈ વાળા રહે. માણાવાવ તથા ત્હોમતદાર –૨, યુવરાજભાઈ જેતુભાઈ ધાધલ રહે. માણાવાવ વાળ ાએ તલવારો ધારણ કરી ફરીયાદી ઉપર જાનલેવા હુમલો કરેલો જેમાં ત્હોમતદાર નં.૩ શિવરાજભાઈ જેતુભાઈ ધાધલ રહે. માણાવાવ અને ફરીયાદીને પકડી રાખેલ તે રીતે બંને એ તલવારોથી ફરીયાદીને માથાનાં ભાગે ટાંકા આવે તેવી રીતે તેમજ પગમાં ગંભીર ઈજાઓ કરી એક સંપ કરી અધિક જિલ્લા મેજી.ના હથિયાર બંધીનાં જાહેરનામાનો ભંગ કરી અને ગુન્હો કરવામાં ત્હોમતદારો એ એક બીજાને એક સંપ કરી મદદગારી કરેલ હોય તે બનાવનાં સંદર્ભે ફરીયાદી હરેશભાઈ નજુભાઈ વાળાએ ચલાલા પો.સ્ટેશનમાં ફરીયાદ આપેલ જે ફરીયાદનાં આધારે હાલનાં ત્હોમતદારો વિરૂધ્ધ ચલાલા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુન્હા રજી.નંબર–૩૬/૨૦૧૮ થી આઈ.પી.સી.એકટ કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૫, ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ ઉપરોકત ગુન્હાની ફરીયાદ નોંધવામાં આવેલ હતી જે ગુન્હાનું ચાર્જશિટ નામ.ધારીનાં એડી.ચિફ.જયુ.મેજી. (ફ.ક) જજ સાહેબની કોર્ટમાં રજુ કરેલ અને તે ફોજદારી કેસ નં.૧૧૬૮/૨૦૨૨ થી દાખલ થયેલ હતી જે કેસ કમીટ થઈને નામ. ધારીનાં સેકન્ડ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબ મહે. શેખ સાહેબની કોર્ટમાં સેશન્સ કેસ નં.–૦૯/૨૦૨૨ થી કેસ ચાલી જતા આ કેસની કાર્યવાહી અને ટ્રાઈલ દરમ્યાન પુરાવા રજુ થયેલા અને પુરાવા અને સાહેદોની ઉલટ તપાસ અને બચાવપક્ષે રોકાયેલ વકીલ વનરાજભાઈ વાળા અને ઉદયભાઈ બારોટનાં દ્વારા કરેલ દલીલોને ધ્યાને લઈ નામ.ધારીનાં સેકન્ડ એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી શેખ સાહેબ દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ આ કામનાં તમામ ત્હોમતદારોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ જાહેર કરેલ છે.

---

### અનેક પરેશાનીનો સામનો કરતાં ખેડૂતોને વધુ એક પરેશાની

## ધારીનાં ગીરકાંઠા વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેતી પાકોને લાખો રૂપિયાનું નુકસાન

**ઘઉં, ધાણા, જીરૂ, કઠોળ અને ડુંગળીનો પાક તહસનહસ થયો**



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલા કમોસમી વરસાદના કાળા કહેરથી જગતના તાતને વ્યાપકપણે નુકશાનીઓ થઈ છે. ને ગઈકાલે અમરેલી જિલ્લામાં સાર્વત્રિક ૧૧ તાલુકામાં પડેલા કમોસમી વરસાદથી ઘઉં, ધાણા, જીરૂં, કઠોળ સાથે ડુંગળીના પાકને કમોસમી વરસાદે તહસનહસ કરી નાખતા ધારી ગીર પંથકના ખેડૂતોની દશા કફોડી થવા પામી છે. ધારી તાલુકાનાં ગીરનું હરીપરા ગામ ખેતી આધારિત ગામ છે જેમાં સ્થાનિક ખેડૂતોએ પોતાની વાડી ખેતરમાં ઘઉ, ધાણા, જીરૂં, કઠોળ અને ડુંગળી જેવા પાકોના વાવેતર કર્યા હતાં. ગઈકાલે અહી આફતરૂપી ત્રાટકેલા કમોસમી વરસાદે ખેડૂતોની સારી ઉપજની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. અને ખેતીપાકો નષ્ટ થઈ ગયા હતા જેને કારણે જગતના તાતની મુશ્કેલીઓ વધવા પામી છે. હજુ ચોમાસમાં પાછોતરા વરસાદથી ખેતીપાકોમાં પોષણક્ષમ ભાવો સાથે પૂરતી ઉપજ નહી આવતા ખેડૂતોને રવિપાકમાં લાભ મળવાની આશાઓ પણ ઠગારી નીવડી હોય તેમ કમોસમી માવઠાના મારથી ધારી તાલુકાના ખેડૂતો આકુળ વ્યાકુળ થઈ ઉઠયા છે.


અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલો કમોસમી માવઠાના અસહ્ય મારથી ખેડૂતને પછડાટ મળી છે અને ખેતીપાકોને નુકશાનીઓ થઈ છે. અને ઘઉં, ધાણા જીરૂં, ડુંગળી જેવા પાકોને કમોસમી માવઠાના મારથી ખેતી પાકોની ઉપજ કમોસમી વરસાદના ઠંડા પાણીને કારણે ફાલ આગળ વધતો અટકાવી શકે છે. હવે ખેડૂતોને નવું વાવેતર કરવું કે આ વાવેતરમાં જ રોડવવું તે એક યક્ષ પ્રશ્ન ખેડૂતોને સતાવી રહ્યો છે. ત્યારે હજુ ગઈકાલે વરસાદના આગલા દિવસે દવાઓના છટકાવ કર્યો હતો ને બીજા દિવસે ત્રાટકેલા કમોસમી વરસાદે ખેડૂતોની દશા કફોડી કરી દેતા સરકાર પાસે સહાયની માંગ ધારી ગીરના ખેડૂતો કરી રહ્યા છે. ખેતીપ્રધાન દેશમાં ખેતી કરીને દિવસ રાત કાળી મજૂરી કરીને ખેત પેદાશો ઉત્પન્ન કરતા જગતના તાત ઉપર અણધારી આફતો આકાશમાંથી ઉતરી આવી અને ખેતીપાકોને નેસ્ત નાબુદ કર્યા છે ત્યારે આવા ખેડૂતોનો સર્વે કરીને જગતના તાતની નુકશાનીમાં સહાયનું થાબડભાણું સરકાર આપશે કે કેમ તે તો સમય જ બતાવશે.

---

### સહકારી મંડળીનાં પ્રમુખ જાદવભાઈ વસ્તરપરા દ્વારા

## બાબરા તાલુકાનાં ચમારડી જૂથ સેવા સહકારી મંડળીનાં તમામ ખેડૂતોને વ્યાજમાં માફી

**ચમારડી જૂથ સેવા સહકારી મંડળીમાં ખેડૂતોનું ૧.૩૭ કરોડનું વ્યાજ માફ**



બાબરા, તા. ૨૭

રાજયમાં સહકાર મંડળી તેમજ બેંકોમાં ધિરાણ મેળવી ખેડૂતો વિવિધ પાકની ખેતી કરતા હોય છે ત્યારે મોટાભાગે ખેડૂતો ને પાક નિષ્ફળ જતા મંડળી ભરવામાં ખેડૂતોને મુશ્કેલીઓ પડતી હોય છે કારણ કે ધિરાણ અને તેનું વ્યાજ ભરવામાં ખેડૂતો હાથ ઉછીના તેમજ વ્યાજે નાણાંની સગવડ કરી મંડળીનું વ્યાજ સહિત ધિરાણ ભરતા હોય છે ત્યારે બાબરા તાલુકાના ચમારડી ગામે આવેલ જૂથ સેવા સહકારી મંડળી દ્વારા ધિરાણ મેળ વતા તમામ ખેડૂતોને વ્યાજ માફી કરતા ખેડૂતોમાં રાહતની લાગણી સાથે આનંદ પ્રસરી ગયો હતો.

ચમારડી જૂથ સેવા સહકારી મંડળી ચમારડી તેમજ ચરખા અને વલારડી સહિત ત્રણ ગામની સયુંકત જૂથ સેવા સહકારી મંડળી છે.

આ મંડળી ના પ્રમુખ જાદવભાઈ વસ્તરપરાંએ જણાવ્યું હતું કે ખેડૂતની મંડળી છે માટે ખેડૂતોને લાભ મળવો જોઈએ ખેડૂતોને પાક નિષ્ફળ જવાથી વ્યાજ ભરવામાં ખેડૂત અસમર્થ હોય છે ત્યારે તેઓનું વિચારવું જોઈએ માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે

વધુમાં જણાવ્યું હતું કે ચમારડી મંડળી હેઠળ ચરખા અને વલારડીના ખેડૂતો, સભાસદ આવતા હોવાથી ૧૮૦૦ જેટલા ખેડૂતોને ૧.૩૭ કરોડ (એક કરોડ સાડત્રીસ લાખ રૂપિયા) નું વ્યાજ માફ કરવામાં આવ્યું છે ખેડૂતોની વ્યાજ માફીથી મંડળીને કોઈ આર્થિક નુકસાન નથી ૧૯૬૮ થી ચમારડી સહકારી મંડળીની સ્થાપના થઈ હોવાથી ત્યારથી સતત પ્રગતિ કરી રહ્યું છે ચાલુ વર્ષે મંડળીએ રૂા. ૮૧ નફો કર્યો છે તેમજ ખેડૂતોને વ્યાજમાફી ની સાથે ૧૫% ડિવિન્ડમાં રૂા. ૩૮ લાખ નાણાં ચૂકવવામાં આવ્યાં છે.

રાજયમાં પ્રથમ એવી બાબરા તાલુકાની સહકારી મંડળીના પ્રમુખ જાદવભાઈ વસ્તરપરાંએ ખેડૂતો માટે યોગ્ય નિર્ણય કરી સીધી રાહત આપવામાં આવી હતી.

---

## અમરેલી ખાતે દિપ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફેબ્રુઆરીમાં સમુહલગ્નોત્સવ

અમરેલી, તા. ૨૭

દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦ મો સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવ તા. ૨૫/૦૨/૨૦૨૪નાં રોજ અમરેલી મુકામે રાખેલ છે. જેમાં અનાથ દિવ્યાંગ દિકરા–દિકરીયુનાં વિનામૂલ્યે લગ્ન કરવામાં આવે છે અને આ સમુહલગ્ન મર્યાદિત સંખ્યા મુજબ કરવામાં આવે છે તો જે લોકો આ સમુહલગ્નમાં જોડાવવા માંગતા હોય તેઓ વહેલી તકે આ ટ્રસ્ટનો સંપર્ક કરવા જણાવાયું છે.

---

### ધારી નજીક આવેલ

## ગોવિંદપુર ગામની બજારમાં અગમ્ય કારણોસર યુવકે ઝેરી દવાનાં ટીકડા પી લેતા મોત

**બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૭

ધારી તાલુકાનાં ગોવિંદપુર ગામે રહેતા વિજયભાઈ મેપાભાઈ દાફડા નામનાં ૩૯ વર્ષિય યુવકે ગત તા. ૨૫ નાં રોજ રાત્રીનાં આશરે ૧૦ વાગ્યે ગોવિંદપુર ગામે બજારમાં આવી કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવાનાં ટીકડા પી લેતા તેમને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ. જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

---

### સાવરકુંડલા નજીક આવેલ

## આદસંગ ગામે એકલવાયુ જીવન જીવતા યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત

**મૃતકનાં પત્નિ ૧૦ વર્ષ પહેલા મૃત્યુ પામ્યા હતા**

અમરેલી, તા. ૨૭

ખાંભા તાલુકાનાં દાઢીયાળી ગામનાં વતની અને હાલ સાવરકુંડલા તાલુકાનાં આદસંગ ગામે રહેતા શિવાભાઈ પાંચાભાઈ સોલંકી નામનાં ૩૫ વર્ષિય ખેતમજુરી કરતાં યુવક પોતે એકલવાયું જીવન જીવતા હોય, અને વાડીમાં જ રહેતાં હોય, તેમના પત્નિ ૧૦ વર્ષ પહેલા મરણ ગયેલ હોય, જેથી એકલવાયા જીવનથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા. ૨૫નાં રોજ આદસંગ ગામે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેમનું મરણ થયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## રસોડા વિભાગનો વિશાળ ડોમ અચાનક તૂટી પડતા અફડાતફડી

# અમરેલીમાં દાદા ભગવાનનાં જન્મોત્સવમાં ભારે વરસાદથી વિક્ષેપ


**દુર્ઘટનામાં ૧૦ જેટલી વ્યકિતઓને ઈજા પહોંચી**

**વીજળીનાં કડાકા અને ભડાકા સાથે વરસાદ ખાબકતાં ભકતજનોમાં નિરાશા ઉભી થઈ**

**અમરેલી અને લીલીયાની ૧૦૮ની ટીમે ઈજાગ્રસ્તોની સારવાર કરી**

**જન્મોત્સવનું નિર્ધારિત સમય કરતાં બે દિવસ પહેલા સમાપન કરી દેવાયું**



અમરેલી, તા. ૨૭

અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ ત્રિમૂર્તિ મંદિર ખાતે દાદા ભગવાનની ૧૧૬મી જન્મ જયંતિ નિમીતે ગત તા. ૨૨થી આગામી તા. ૨૮ સુધી એક સપ્તાહના ભવ્ય મહોત્સવનુ આયોજન કરાયુ હતુ. જેમાં પ્રથમ દિવસે જ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ શરૂ કરાયો હતો. પરંતુ ગઈકાલે અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદના કારણે ગઈકાલે મોડી સાંજે ભારે વરસાદ બાદ જમણવાર માટે ઉભા કરાયેલા રસોડા વિભાગનો એક વિશાળ ડોમ અચાનક તુટી પડયો હતો. જેને લઈ અફડા તફડી મચી જવા પામી હતી. આ દુર્ઘટનામાં ૧૦ જેટલી વ્યકિતઓને ઈજા પહોંચી હતી.

અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ દાદા ભગવાનના જન્મોત્સવની ઉજવણી દરમિયાન જમણવાર માટે ઉભા કરાયેલા રસોડા વિભાગનો એક વિશાળ ડોમ અચાનક તુટી પડયો હતો. આ દુર્ઘટના ગઈકાલે મોડી સાંજે અમરેલીમાં લીલીયા રોડ પર ત્રિમંદિર નજીક બની હતી. ચાર દિવસ પહેલા અહી રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો. ગઈકાલે દાદા ભગવાનની ૧૧૬મી જન્મ જયંતિ પણ ઉજવાઈ હતી. જો કે અમરેલીમાં ગઈકાલે આખો દિવસ ગાજવીજ અને કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસી રહ્યો હતો. અહી આશરે ૨૫ લાખ ચોરસ ફુટ વિસ્તારમાં ઉજવણી કરવામાં આવી રહી હતી.

ત્યારે અહી રસોડા વિભાગ માટે પણ વિશાળ ડોમ બનાવવામાં આવ્યો હતો. ગઈકાલે મોડી સાંજે આ ડોમ અચાનક ધરાશાયી થયો હતો. જેમાં ડોમ નીચે કેટલાક લોકો દટાયા હોવાની જાણ થતા અમરેલીની બે તથા લીલીયાની એક મળી કુલ ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી હતી. અમરેલી ફાયર વિભાગની ટીમ પણ અહી દોડી ગઈ હતી. ડોમ નીચે દટાયેલા અને ઘાયલ થયેલા લોકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમા ખસેડાયા હતા.

જાણવા મળતી વિગત મુજબ આ ઘટના સમયે ૧૦૦ જેટલા લોકો નીચે હતા જે સહી સલામત બહાર આવ્યા હતા. બે વ્યકિતની ભાળ મળતી ન હતી પણ ફાયર બ્રિગેડની ટીમે તેને શોધી કાઢયા હતા. બીજી તરફ વરસાદી માહોલના કારણે આયોજકો દ્વારા તાબડતોબ સાંજથી જ મહોત્સવ મુલતવી રાખવાની જાહેરાત કરી દેવાઈ હતી.

## શકિતસિંહ ગોહિલ અને પ્રભારી મુકુલ વાસનિકે માર્ગદર્શન આપેલ

# અમરેલીનાં કોંગી આગેવાનો પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતેની બેઠકમાં ઉપસ્થિત રહ્યાં

**જિલ્લા કોંગી પ્રમુખ ડી.કે. રૈયાણી પણ જોડાયા**

અમરેલી, તા. ૨૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રવિવારે 'રાજીવ ગાંધી ભવન' અમદાવાદ ખાતે ગુજરાતનાં તમામ જિલ્લાનાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તથા તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મીટીંગમાં ગુજરાત કોંગ્રેસનાં પ્રભારી મુકુલ વાસનિક તથા પ્રદેશ પ્રમુખ શકિસિંહ ગોહિલ તથા નેતા વિપક્ષ ગુજરાત વિધાનસભા અમિતભાઈ ચાવડાની હાજરીમાં ઉપરોકત મીટીંગ યોજાયેલ હતી. આ મીટીંગમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી જનકભાઈ પંડયા, જગદીશભાઈ તળાવિયા તથા જિલ્લા સંગઠન મંત્રી જગદીશ ભાઈ પાનસુરીયા તથા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખો હાજર રહ્યાં હતાં.



## લીલીયા ચેક રિટર્ન કેસના આરોપીને નિર્દોષ છોડી મૂકતી લીલીયા કોર્ટ

લીલીયા, તા. ૨૭

લીલીયા મોટાની કેપિટલ ક્રેડિટ કો.ઓ. સોસાયટી દ્વારા તેમના સભાસદ પ્રતાપભાઈ દેવશીભાઈ કયાડા સામે રૂપિયા ૧.૬૬.૨૫૮/- નો ચેક રિટર્નની ફરિયાદ કરેલ. જે કેસ ચાલી જતા આરોપી તરફથી વકીલ હાર્દિકભાઈ જોશીએ ધારદાર દલીલ રજૂ કરી તેમના અસીલની સામેની ફરિયાદ જ બનતી નથી તેવું પુરવાર કરેલ. જેની દલીલ માન્ય રાખી લીલીયા નામદાર કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવેલ.

## જિલ્લા બ્રહ્મસમાજ અને ઠાકર પરિવારનું ગૌરવ વધ્યું

# અમરેલીનાં મિલી ધવલભાઈ ઠાકરે પીએચડીની પદવી પ્રાપ્ત કરતા શુભેચ્છકો દ્વારા અભિનંદન વર્ષા

**ભકત કવિનરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ ખાતેથી પદવી પ્રાપ્ત કરી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ પરિવારનાં ડો.મિલી ધવલભાઈ ઠાકરે અનેરી સિધ્ધી હાંસલ કરી પરિવાર તેમજ બ્રહ્મસમાજનું નામ રોશન કરેલ છે.

મહેચ્છા નામનાં પંખીને પરિશ્રમની પાંખો મળે તો સફળતાનું આભ દુર નથી તે સુત્રને સાર્થક કરતા ડો.મિલી ઠાકર, શિક્ષણ જગતની સર્વોચ્ચ લાયકાત એટલે પીએચડીની ડીગ્રી જેનાં થકી નામની આગળ ડોકટર શબ્દ ઉમેરાય છે. અને શિક્ષણ જગતમાં દરેક વ્યકિતને આ ડીગ્રી મેળવવાનું સ્વપ્ન ચોકકસ હોય છે. ત્યારે ડો.મિલી ઠાકરે હાલમાં જ અંગ્રેજી વિષયમાં (Mahatma Gandhi'S Concept of Swaraj) ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જુનાગઢ ખાતેથી Ph.D.(ડોકટરેકટ ની પદવી) ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તે બદલ તેઓએ ઠાકર પરિવાર તેમજ બ્રહ્મસમાજનું ગૌરવ વધારેલ છે.



ડો. મિલી ઠાકરની બીજી સિધ્ધીઓ જોવામાં આવે તો તેમણે ભારતીય શિક્ષણ મંડળ, દિલ્લી દ્વારા રાષ્ટ્રીય સ્તરે આયોજીત સંશોધન સ્પર્ધામાં તેમનું દ્રિતીય સ્થાન મેળવેલ છે. ઉપરાંત રિફલેકશન ઈન ઈન્ક : એન એન્થોલોજી ઓફ ઈંગ્લિશ લિટરેચર નામનાં આંતરરાષ્ટ્રીય પુસ્તકમાં તેમનો લેખ પ્રકાશિત થયેલ છે.

આ ઉપરાંત ૨૧ જેટલા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ અને સેમિનારમાં પોતાનાં સંશોધનપત્રો રજુ કરવાની પણ સિધ્ધિ પણ પ્રાપ્ત કરેલ છે.

વધુમાં ડો. મિલી ઠાકરનાં અનેક આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ જર્નલ્સમાં તેમનાં શોધપત્રો પ્રકાશિત થયેલ છે તો ડો. મિલી ઠાકરની આ સિધ્ધી બદલ અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજે તેમજ મિત્ર વર્તુળ, સગા સંબંધીઓ તેમજ પરિવારે શુભકામનાંઓ પાઠવી હતી. તેમજ વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.


આકર્ષક પગારથી માણસ જોઈએ છે
પેટ્રોલ પંપ તથા સ્ટોન ક્રશરમાં વહીવટી કામ કરી શકે તેવા તેમજ બેંકના કામના જાણકાર
એકાઉન્ટન્ટ કમ ઓપરેટર
ની જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે.
સંપર્ક : નિલવડા, તા. બાબરા.
મો. ૯૯૭૮૩ ૯૭૩૬૮ ■ ૯૯૦૯૬ ૦૯૫૬૯ ■ ૯૭૧૨૫ ૫૨૪૪૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

"શ્રી વલ્લભ" MARUTI SUZUKI ARENA Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA fascino 125 Fi (ફ્યુલ ઈન્જેકશન)
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કૂટરમાં સાત સેન્સર ધરાવતું સ્કૂટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ ક્વોલિટી સાથે
30% POWER 16% MILEAGE
» બધા જ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
BS-VI COMPLIANT
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA સપના કરશે સાકાર... Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ ગુલાબ જાંબુ ટોપરાપાક લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero Near Gopi Cinema, Station Road, Amreli-365601 +91 92899 22254 navnit@heromotocorp.biz

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

### ગુજરાતીઓ સાવધાન રહેજો

# ૧લી ડિસેમ્બર સુધી માવઠું ચાલુ રહેશે : હવામાન નિષ્ણાત

## રવિવારે વહેલી સવારથી હવામાનમાં પલટો આવ્યો હતો અને તે બાદ રાજ્યભરમાં સૂસવાટાભેર પવન ફૂંકાયો હતો

અમદાવાદ, તા.૨૭

ભરશિયાળે માવઠાએ કહેર મચાવ્યો છે. ગઈકાલે વહેલી સવારથી હવામાનમાં પલટો આવ્યો હતો અને તે બાદ રાજ્યભરમાં સૂસવાટાભેર પવન ફૂંકાયા હતા અને વરસાદ ખાબક્યો હતો. જેના લીધે નુકસાનીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. સાથે જ વીજળી પડતાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. આવામાં આજે ફરી માવઠાનો માર સહન કરવો પડશે કે કેમ? તે અંગે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે. રવિવાર બાદ આજે સોમવારે રાજ્યભરનું હવામાન કેવું રહેશે અને રાજ્યના કયા ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે, તે અંગે તેમણે જણાવ્યું છે. ગુજરાતીઓ સાવધાન રહેજો, કેમ કે, હજુ આજે પણ વરસાદ પડશે. પરેશ ગોસ્વામીએ માવઠા અંગે મોટી આગાહી કરી છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, હજુ પણ આફતનું માવઠું ગયું નથી. આજે સાંજ સુધી સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદનો માર યથાવત રહેશે. કેટલાક વિસ્તારમાં અતિભારે વરસાદ પડી શકે છે. મોરબી અને સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની આગાહી છે. રાજકોટ, ભાવનગર, બોટાદમાં ભારે વરસાદ પડી શકે છે. વડોદરા, દાહોદ, ગોધરા, છોટાઉદેપુરમાં પણ આગાહી છે. તેમણે કહ્યું કે, આજે સાંજ સુધીમાં વધારે વરસાદની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્રનું બોટાદ, ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, જૂનાગઢ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, આ વિસ્તારોમાં બે ઈંચ કે તેથી વધુ વરસાદ ખાબકી શકે છે. દ્વારકા, જામનગર, પોરબંદરમાં પણ હવામાનમાં પલટો જોવા મળશે. હળવાથી સામાન્ય ઝાપટા ચાલુ રહેશે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી આ પાંચ જિલ્લા એવા છે કે જ્યાં આવનારા ૨૪ કલાક દરમિયાન ગાઢ વાદળો જોવા મળશે. સાથે જ છૂટાછવાયા હળવાથી સામાન્ય વરસાદી ઝાપટા જોવા મળી શકે છે. ૨૮મી તારીખ પછી હવામાન ખુલ્લુ થશે. પરંતુ ૨૮ અને ૨૯ તારીખે પણ છૂટાછવાયા ઝાપટા પડી શકે છે. આ સિસ્ટમ પસાર થઈ ગયા પછી પણ તેનો પાછળનો ભાગ પહેલી ડિસેમ્બરે પણ રાજ્યના કેટલાક ભાગોને પરેશાન કરી શકે છે. એટલે કે પહેલી ડિસેમ્બરે પણ વરસાદની શક્યતા જોઈ શકાય છે.

### હવામાન વિભાગની નવી આગાહી

# માવઠા બાદ હવે ઠંડી પોતાનો કેર વર્તાવવાનું શરૂ કરશે

## રાજ્યમાં પડેલા માવઠાએ ખેડૂતોને મુશ્કેલીમાં મુકી દીધા છે

અમદાવાદ, તા.૨૭

જગતના તાત પરથી હવે માવઠાની આફત ટળી ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાત પર જે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હતી. તે હવે ગુજરાત પરથી આગળ વધી ગઈ છે. પરંતુ ભરશિયાળે માવઠું થતાં હવે કાતિલ ઠંડી પડવાની હવામાન વિભાગે વાત કરી છે.

ભરશિયાળે આવેલા માવઠાએ ખેડૂતોના હાલ બેહાલ કરી દીધા છે. હજુ તો ગુજરાતમાં શિયાળાની શરૂઆત થઈ છે. ત્યાં જાણે આખા રાજ્યમાં ચોમાસુ બેઠું હોય તેવી સ્થિતિ માવઠાએ કરી દીધી હતી. કમોસમી આવેલા વરસાદ જાણે આખા રાજ્યને ઘેરી વળ્યો હતો. સૌરાષ્ટ્રમાં અને ઉત્તરગુજરાતમાં તો ઘણી જગ્યાએ કરાવર્ષાને કારણે હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો. માવઠાંને કારણે કેટલીક જગ્યાએ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તો ખેતીને ઘણું નુકસાન થયું છે.

ભરશિયાળે આવેલા ચોમાસા જેવા વરસાદે જગતના તાતને ચિંતામાં મુકી દીધો, ત્યારે હવે હવામાન વિભાગે કરેલી આગાહી ખેડૂતો માટે મુશ્કેલીમાં રાહત આપનારી છે. કારણ કે હવે હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાતના ખેડૂતોના માથા પરથી માવઠાની આફત ટળી ગઈ છે.

ભરશિયાળે આવેલા માવઠાએ ખેડૂતોના પાકનો સોથ વાળી દીધો છે. ત્યારે માવઠા બાદ ઠંડી પોતાનો કહેર વર્તાવશે. હવામાન વિભાગના ડાયરેકટર મનોરમા મોહંતીએ આગાહી કરી છે કે માવઠાના કારણે હવે રાજ્યમાં શિયાળો જામશે. સાથે જ દિવસે દિવસે તાપમાનનો પારો પણ ગગડશે. શિયાળાની શરૂઆત થઈ ચુકી છે, પરંતુ માવઠા પહેલા રાજ્યમાં ઠંડીનો અહેસાસ થઈ રહ્યો ન હતો. પરંતુ રાજ્યમાં આવેલા માવઠા બાદ હવે લોકોને ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડીરાત્રે ઠંડીનો ચમકારો દેખાઈ રહ્યો છે. તો સાથે જ માવઠાના કારણે હવે લોકોને બપોરે પણ સ્વેટર પહેરવાની ફરજ પડી રહી છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે માવઠા બાદ હવે ઠંડી પોતાનો કેર વર્તાવવાનું શરૂ કરશે.

### મોદીએ મહેબૂબાબાદમાં જનસભાને સંબોધિત કરી

# કેસીઆર ચૂંટણીમાં ભાજપ સાથે હાથ મિલાવવા માગતા હતા : મોદી

## કોંગ્રેસ-BRSએ તેલંગાણાને બરબાદ કરી નાખ્યું : અહીંના લોકો એક રોગને દૂર કરીને બીજા રોગને પ્રવેશવા દેશે નહીં : મોદી

મહેબૂબાબાદ, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિધાનસભા ચૂંટણીને લઈને મહેબૂબાબાદમાં જનસભાને સંબોધિત કરી હતી. વડાપ્રધાન મોદીએ દાવો કર્યો હતો કે તેલંગાણાના સીએમ કે ચંદ્રશેખર રાવ (કેસીઆર) ચૂંટણીમાં ભાજપ સાથે હાથ મિલાવવા માગતા હતા.

પીએમ મોદીએ કહ્યું- કેસીઆરને બીજેપીની વધતી તાકાતનો અહેસાસ ઘણા સમય પહેલાં થઈ ગયો હતો. કેસીઆર કોઈક રીતે ભાજપ સાથે મિત્રતા કરવા માંગતા હતા. એકવાર જ્યારે તેઓ દિલ્હી આવ્યા ત્યારે તેમણે મને વિનંતી કરી હતી, પરંતુ અમે તેમની ઓફર ફગાવી દીધી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે જ્યારથી ભાજપે કેસીઆરને ના પાડી છે ત્યારથી BRS બેફામ થઈ ગઈ છે. BRS ક્યારેય મારી સાથે દુર્વ્યવહાર કરવાની કોઈ તક છોડતું નથી. હું તેમને ક્યારેય ભાજપની આસપાસ પણ ભટકવા નહીં દઉં. આ મોદીની ગેરંટી છે. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસ અને BRSએ તેલંગાણાને બરબાદ કરી નાખ્યું. અહીંના લોકો એક રોગને દૂર કરીને બીજા રોગને પ્રવેશવા દેશે નહીં. બંને પક્ષો પાપી છે. ધર્મના નામે તેઓ તુષ્ટિકરણ, ભત્રીજાવાદ અને ભ્રષ્ટાચાર કરે છે.

તેલંગાણાના લોકો કેસીઆર સરકારને ઉથલાવી દેવાની તૈયારી કરી રહ્યા છે. તેલંગાણાના આગામી સીએમ બીજેપીના હશે. કોંગ્રેસ અને બીઆરએસ બંને પક્ષોએ દલિતો સાથે દગો કર્યો છે. માત્ર ભાજપ જ આદિવાસી અને પછાત સમાજને સાચા અર્થમાં સશકત કરી રહી છે. તેલંગાણામાં બીજેપીના પ્રથમ સીએમ પછાત સમુદાયમાંથી હશે.

પીએમ મોદીએ દાવો કર્યો કે તેલંગાણાના લોકો KCR સરકારને ઉખેડી ફેંકવા માટે તૈયાર છે. કેટલાક લોકો તેલંગાણામાં કોંગ્રેસ અંગે પણ ભ્રમ ફેલાવી રહ્યા છે પરંતુ સત્ય એ છે કે, કોંગ્રેસ અને કેસીઆર બંને તેલંગાણાને બરબાદ કરવામાં સમાન પાપી છે. આ કારણોસર તેલંગાણાના લોકો એક બીમારીને હટાવીને બીજી બીમારીને પ્રવેશ ન આપી શકે.

તેલંગાણાને BRSના ચુંગાલમાંથી મુક્ત કરાવવાની જવાબદારી ભાજપ માથે છે. ભાજપ સરકાર અહીં કેસીઆર દ્વારા કરવામાં આવેલાં તમામ કૌભાંડોની તપાસ કરશે. તેલંગાણાના ગરીબો અને યુવાનો સાથે દગો કરનારાઓને બક્ષવામાં આવશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણામાં તિરુમાલા મંદિરની મુલાકાત લીધી હતી. તેમણે અહીં ભગવાન વેંકટેશ્વરની વિશેષ પૂજામાં પણ ભાગ લીધો હતો.

### રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે કરી જાહેરાત

# રાજ્યમાં કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનનો થશે સર્વે

## રાજ્યમાં ખરીફ વાવેતરમાં કેટલાક અંશે નુકસાન થયું છે ત્યારે કમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે તેવો સરકાર દ્વારા દાવો કરાયો

ગાંધીનગર, તા.૨૭

ગત રવિવારે ગુજરાતમાં માવઠા-કમસમી વરસાદે ભારે ખાનાખરાબી સર્જ્યા બાદ સોમવારે બપોર સુધી પણ વાદળો ગોરંભાયેલા જ રહ્યા હતા.

સવારે ધૂમમ્સ વચ્ચે વિઝિબિલિટી ઘટી હતી અને ત્યારબાદ બપોર બાદ વાતાવરણ ચોખ્ખું થયું હતું. જેના પરિણામે હવે ગુજરાત માથેથી માવઠાની મોટી ઘાત ટળી હોય તેમ હવે કમોસમી વરસાદનો ખતરો ઓછો થઈ રહ્યો છે. રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોટું નુકશાન થયું છે. જેને લઈને સરકાર દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે.

તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું. રાજ્યમાં ખરીફ વાવેતરમાં કેટલાક અંશે નુકશાન થયું છે. ત્યારેકમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે. તેવો સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. નોંધનિય છે કે વિજળી પડવાના કારણે ૨૯ માનવ મૃત્યુ થયાનું ઋષિકેશ પટેલે સ્વીકાર્યું હતું. એટલું જ નહીં મુખ્યમંત્રી સાથે કમોસમી વરસાદ અને માનવ મૃત્યુ સંદર્ભે સંપર્કમાં હોવાનું પણ કહ્યું હતું.

હાલમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ અંદાજિત ૬૦ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. અને આ માવઠાને કારણે ૧ મિલિમીટરથી લઈ ૧૪૪ મિલિમીટર જેટલો વરસાદ ઘણા એવા વિસ્તારોમાં નોંધાયો છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખરીફ પાકોમાં કપાસ તુવેર અને એરંડા જેવા પાકોમાં નુકસાનની ભીતિ વધુ સેવાઈ રહી છે.

અંતે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના અમુક વિસ્તારમાં બરફના કરા અને વીજળી પણ પડી છે, જેના કારણે વિવિધ વિસ્તારમાં ઘણા એવા સામાન્ય નાગરિકોને તકલીફ પડી છે તેનું પણ સર્વે કરીને ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોની સહાય કરવા સરકાર કટિબદ્ધ છે.

તેમ હવામાન વિભાગ દ્વારા પણ જણાવ્યું છે. હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલ વિગત અનુસાર રાજ્યના અમુક વિસ્તારોને બાદ કરતા હવે કમોસમી વરસાદનો ખતરો જોવા મળતો નથી.

જોકે ગઈકાલે ત્રાટેકલ વાવાઝોડાને લઈને ખેડૂતોને મોટા પાયે નુકસાન થયું છે. ત્યારે સહાય અંગે રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુ ખાબડનું નિવદેન સામે આવ્યું છે. રાજ્યમાં જ્યાં એક બાજુ માવઠાના મારથી જગતનો તાત બેહાલ થયો છે.

તો બીજી બાજુ રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુ ખાબડે ખેડૂતોને સરકારનો ટેકો હોવાનો દાવો કર્યો છે. એટલું જ નહીં તેમણે કહ્યું કે, આ માવઠાથી રાજ્યના ખેડૂતોને જે નુકસાન થયું છે. તેનો સર્વે પણ હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ સહાયની ચુકવણી કરાશે. તેવો પણ દાવો કર્યો હતો.

મંત્રીએ ખેડૂતોની સાથે સરકાર હોવાની હૈયા ધારણા પણ આપી છે. સાથે જ કહ્યું કે, સર્વેમાં જે પણ નિર્ણય આવશે તેની મુખ્યમંત્રી સાથે ચર્ચા પણ કરીશું અને નિયમ મુજબ ખેડૂતોને વળતર ચુકવવામાં આવશે.

### મમતા બેનર્જી સરકારમાં મંત્રી શશિ પાંજાની સ્પષ્ટતા

# ગૌતમ અદાણી અને સરકાર તાજપુરમાં ડીપ સી પોર્ટ પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહ્યા છે

## અદાણી સમૂહ પ્રોજેક્ટમાંથી બહાર થયો નથી : પાંજા

કોલકાતા, તા.૨૭

કારોબારી ગૌતમ અદાણી અને પશ્ચિમ બંગાળ સરકાર તાજપુરમાં ડીપ સી પોર્ટ પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી સરકારમાં મંત્રી શશિ પાંજાએ સ્પષ્ટ કરી દીધુ છે કે અદાણી સમૂહ પ્રોજેક્ટમાંથી બહાર થયો નથી. વાત જાણે એમ છે કે હાલમાં જ થયેલા શિખર સંમેલનમાં અદાણી ન પહોંચ્યા અને ત્યારબાદ આ પ્રકારની અટકળો થઈ રહી હતી.

રાજધાની કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાંજાએ કહ્યું કે બંગાળ અને અદાણી તાજપુર પ્રોજેક્ટમાં સાથે કામ કરી રહ્યા છે. જેના માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય તરફથી પણ સશર્ત મંજૂરી મળી ગઈ છે. ગૃહ મંત્રાલય, રક્ષા મંત્રાલયે અનેક સ્પષ્ટીકારણ માંગ્યા છે. હાલ અમારી સરકાર અને અદાણી સમૂહ આ મુદ્દાઓ પર સાથે કામ કરી રહ્યા છે. જે લોકોને જાણકારી નથી તેઓ સ્વાભાવિક છે કે આ રીતે બકવાસ કરશે. ૨૧ અને ૨૨ નવેમ્બરના રોજ કોલકાતામાં બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટ (BGBS) નું આયોજન થયું હતું. અહીં ગૌતમ અદાણી અને તેમના પુત્ર કરણ પહોંચ્યા નહતા. હવે સીએમ બેનર્જીએ શરૂઆતના ભાષણમાં તાજપુર પ્રોજેક્ટનો ઉલ્લેખ કરી નાખ્યો અને અનેક મોટા કારોબારી સમૂહોને તેની સાથે જોડાવવાનું આમંત્રણ પણ આપી દીધું.

સમાચાર છે કે વર્ષ ૨૦૨૧ બાદથી અત્યાર સુધીમાં અદાણી ને તેમના પુત્ર બેવાર સીએમ બેનર્જી સાથે મુલાકાત કરી ચૂક્યા છે. ડિસેમ્બર ૨૦૨૧માં અદાણીએ ટીએમસી સુપ્રીમો સાથે નાબન્નામાં લાંબી ચર્ચા કરી હતી. આ ઉપરાંત ૨૦૨૨માં તેમણે મ્મ્જીનું ઉદ્ઘાટન કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. અત્રે જણાવવાનું કે તૃણમૂલ કોંગ્રેસ સાંસદ મહુઆ મોઈત્રા પર ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ રૂપિયાના બદલામાં સંસદમાં સવાલ પૂછવાનો આરોપ લગાવ્યો હતો. તેમના આરોપ હતા કે મોઈત્રાએ ઉદ્યોગપતિ અદાણી પર સવાલ પૂછવા માટે લાંચ લીધી હતી. આ મામલે કારોબારી દર્શન હીરાનંદાનીએ પણ સોગંદનામું આપ્યું હતું કે મોઈત્રાએ અદાણીને નિશાન બનાવ્યા હતા.

### સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કરાયા

# ચીનમાં ફેલાઈ રહેલી નવી બીમારીને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ હરકતમાં

## ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા માટેના આદેશ કર્યા છે

ગાંધીનગર, તા.૨૭

ચીનમાં નવી ઊભી થયેલી બીમારી સંદર્ભે રાજ્યનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કર્યા છે. ગુજરાતના તમામ જિલ્લા આરોગ્ય અધિકારી, મહાનગરના આરોગ્ય અધિકારી અને સિવિલ હોસ્પિટલના વડાઓને પત્ર લખીને તકેદારી રાખવા માટે સૂચનો કરવામાં આવ્યા છે. ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાઝમા ન્યૂમોનિયા SARS - CoV- 2 જેવા રોગોથી સાવચેત રહેવા સૂચના અપાઈ છે.ચીનમાં બાળકોમાં આ પ્રકારની શ્વસનની બીમારી જેવા રોગો જોવા મળી રહ્યા છે. આ નવા રોગે ચીનમાં હાહાકાર મચાવી દીધો છે. હોસ્પિટલમાં સ્ટાફ, બેડ, દવાઓ અને ટેસ્ટિંગની ઉપલબ્ધતા ચકાસી રિપોર્ટ કરવા આદેશ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં રહેલા ઓક્સિજન પ્લાન્ટની ક્ષમતા અને કાર્યક્ષમ કરીને રિપોર્ટ કરવા આદેશ આપવામાં આવ્યા છે. વેન્ટિલેટર, પિપિઈ કીટ અને એન્ટીવાયરલ દવાઓ પૂરતા પ્રમાણમાં રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આઈસોલેશન વોર્ડ તાત્કાલિક શરૂ કરી શકાય તેવી તૈયારી રાખવા પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે.

રાજ્ય સરકાર દ્વારા પત્ર લખી નીચે પ્રમાણે સૂચનો આપવામાં આવ્યા છે.

- આપની સંસ્થા ખાતે કાર્યરત તમામ વસ્તુઓને અપડેટ કરવી તથા ફંકશનીંગ કરવી
- આપશ્રીના સંસ્થા ખાતેના PSA પ્લાન્ટ, લીક્વીડ ઓક્સીજન પ્લાન્ટ, O2 કોન્સનટ્રેટર કાર્યરત છે કે કેમ તે સુનિશ્ચિત કરી તાત્કાલિક કાર્યરત કરવા જણાવવામાં આવે છે.
- ફાયર સેફટી, ઈન્સ્ટ્રૂમેન્ટ સેફટી ઓડીટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- Operational Guidelines for Revised Surveillance Strategy in context of covid 19 ના અમલીકરણ અને સમીક્ષા અવશ્ય કરવી તેમજ ખાનગી હોસ્પિટલમાં આરોગ્ય સુવિધાઓ અને મેડિકલ કૉલેજ હોસ્પિટલો સહિતની આરોગ્ય સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવું.
- તમામ આરોગ્ય સંસ્થાઓમાં Active/Passive સર્વેલન્સ દ્વારા SARI/ILI ના કેસોનું સઘન સર્વેલન્સ કરાવવું તેમજ તમામ કેસોનું દૈનિક મોનીટરીંગ અને સુપરવિઝન અને IHIP Portal માં તમામ કેસોની દૈનિક એન્ટ્રી કરવાની રહેશે.
- આપના તાબા હેઠળના તબીબી અધિકારી, ફીજીશ્યન, એનેસ્થેટીસ્ટ, માઈક્રોબાયોલોજીસ્ટ, લેબ ટેક, સ્ટાફ નર્સ તથા અન્ય પેરામેડીકલ સ્ટાફને સેન્સેટાઈજ કરવા.
- હોસ્પિટલ કક્ષાએ વેન્ટીલેટર, પી.પી.ઈ કીટ એન્ટીવાયરલ દાવાઓ વગેરે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા તેમજ જરુર જણાયે આઈશોલેસન વોર્ડ શરુ કરી સકાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

### પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર અંગે સુપ્રીમનો નિર્ણય

# કોઈ પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર માટે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોવો જરૂરી છે

## કોર્ટના જણાવ્યાં મુજબ ફક્ત સેલ એગ્રીમેન્ટ કે પાવર ઓફ એટોર્નીને ટાઈટલ ટ્રાન્સફર માટે પૂરતા ગણી શકાય નહીં

નવી દિલ્હી, તા.૨૭

પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર અંગે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. એક કેસની સુનાવણી કરતા કહ્યું કે કોઈ પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર માટે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોવો જરૂરી છે. કોર્ટના જણાવ્યાં મુજબ ફક્ત સેલ એગ્રીમેન્ટ કે પાવર ઓફ એટોર્નીને ટાઈટલ ટ્રાન્સફર માટે પૂરતા ગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રજિસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ હેઠળ સંપત્તિનો માલિકી હક ત્યારે જ થઈ શકે જ્યારે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોય.

કોર્ટે જે મામલે ચુકાદો આપ્યો છે તેમાં અરજીકર્તાનું કહેવું છે કે તે સંપત્તિનો માલિક છે અને સંપત્તિ તેના ભાઈ દ્વારા તેને ગિફ્ટ ડીડ તરીકે આપવામાં આવી હતી. તેનું કહેવું હતું કે આ સંપત્તિ તેની છે અને કબજો પણ તેનો છે. જ્યારે બીજા પક્ષે સંપત્તિ પર દાવો કરતા કહ્યું કે તેના પક્ષમાં પાવર ઓફ એટોર્ની, સોગંદનામું અને એગ્રીમેન્ટ ટુ સેલ છે. બીજા પક્ષના જવાબમાં અરજીકર્તાનું કહેવું હતું કે જે દસ્તાવેજો આધારે પ્રતિવાદીએ દાવો કર્યો તે માન્ય નથી. તેમણે કહ્યું કે અચલ સંપત્તિનો માલિકી હક રજિસ્ટર્ડ દસ્તાવેજ વગર હોઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે પણ આ વાત સાથે સહમતિ જતાવતા કહ્યું કે રજિસ્ટર્ડ દસ્તાવેજ વગર અચલ સંપત્તિનો માલિકી હક ટ્રાન્સફર થઈ શકે નહીં આથી પ્રતિવાદીના દાવાને ફગાવવામાં આવે છે. આ સાથે જ કોર્ટે અરજીકર્તાની અપીલ પણ સ્વીકારી લીધી. પાવર ઓફ એટોર્ની એક રીતે કાનૂની અધિકાર હોય છે. જે કોઈ પ્રોપર્ટીના માલિક દ્વારા કોઈ અન્ય વ્યક્તિને આપવામાં આવે છે. પાવર ઓફ એટોર્ની મળવાથી તે વ્યક્તિ તે પ્રોપર્ટીની ખરીદી કે વેચાણ સંબંધિત નિર્ણય લઈ શકે છે. પરંતુ આ પ્રોપર્ટીનો માલિકી હક બિલકુલ કહી શકાય નહીં. એગ્રીમેન્ટ ટુ સેલ એ દસ્તાવેજ છે જેમાં ખરીદદાર અને વેચાણ કરનાર વચ્ચે પ્રોપર્ટી સંલગ્ન તમામ માહિતી હોય છે. તેમાં પ્રોપર્ટીની કિંમત અને ફૂલ પેમેન્ટ વિશે તમામ જાણકારી નોંધાયેલી હોય છે.

### શિક્ષકો સરકારની સામે બાંયો ચઢાવવાના મૂડમાં

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ફરી આંદોલનનો માર્ગ અપનાવશે

## પડતર માંગોના ઠરાવને લઇને હજારો શિક્ષક કરશે વિરોધ

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં ફરી એકવાર શિક્ષકો સરકારની સામે બાંયો ચઢાવવાના મૂડમાં છે, આગામી સમયમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે પોતાની પડતર માંગોને લઈને સરકાર સામે વિરોધ પ્રદર્શન કરશે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ૯મી ડિસેમ્બરે સરકારની સામે રાજ્યભરમાં પદયાત્રા યોજીને મહાપંચાયત કરશે, જેમાં પડતર માંગણીઓને લઈને વિરોધ નોંધાવશે. ખાસ વાત છે કે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની પડતર માંગણીઓ સરકારે સ્વીકારી લીધી છે પરંતુ ઠરાવ હજુ સુધી પસાર કરવામાં આવ્યો નથી. આગામી ૯મી ડિસેમ્બરે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે રાજ્ય સરકાર સામે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. પોતાની પડતર માંગણીઓ સાથે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ખુલ્લો વિરોધ નોંધાવશે. ૯મી ડિસેમ્બરે રાજ્યભરમાં પદયાત્રા કરશે અને બાદમાં મહાપંચાયત કાર્યકર્મનુંઆયોજન કરશે. આ આંદોલનમાં રાજ્યભરમાંથી મોટા પ્રમાણમાં શિક્ષકો જોડાશે, આ આંદોલનમાં પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક સુધીના શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારી અને સંચાલકો જોડાશે. અલગ-અલગ જિલ્લાઓમાં પદયાત્રા અને મહાપંચાયત કરી આ વિરોધ નોંધાવશે. પડતર માંગણીઓ સ્વીકારાઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ ઠરાવ પસાર ના કરતા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આંદોલનના માર્ગે પડ્યો છે. જ્ઞાન સહાયક શિક્ષક યોજના, જૂની પેન્શન યોજનાનો લાભ, ગ્રાન્ટ વધારો, કર્મચારીઓને બદલીના લાભ સહિતની બીજી કેટલાય પડતર માંગણીઓ છે, જેનો વિરોધ કરશે.

### ચૂંટણી પહેલા યોગીનું નિવેદન

# યોગી આદિત્યનાથ હૈદરાબાદને ભાગ્યનગર કરવાની તૈયારીમાં ?

## તેલંગાણામાં સત્તામાં આવતાની ૩૦ મિનિટમાં ભાજપ હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર કરી દેશે

મહબૂબનગર, તા.૨૭

ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ શનિવારથી તેલંગાણાના ચૂંટણી જંગમાં ઉતર્યા છે. હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર રાખવાનું વચન આપ્યા બાદ યોગીએ રવિવારે કહ્યું હતું કે, જો ભાજપ સત્તામાં આવશે તો તેલંગાણાના મહબૂબનગરનું નામ બદલીને પલામુરુ રાખવામાં આવશે. મહબૂબનગરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ કહ્યું કે, તેઓ માફિયા રાજ સામે લોકોને સાવધાન કરવા અને મહબૂબનગરને પલામુરુ તરીકે પુનઃસ્થાપિત કરવા તેલંગાણા આવ્યા છે. શનિવારે કુમારમ ભીમ આસિફાબાદ જિલ્લામાં એક રેલીને સંબોધતા યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, જો ભાજપ તેલંગાણામાં સત્તામાં આવશે તો હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર કરી દેશે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ શુક્રવારે કહ્યું હતું કે, તેલંગાણામાં સત્તામાં આવતાની ૩૦ મિનિટમાં ભાજપ હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર કરી દેશે. મહબૂબનગર રેલીમાં યોગી આદિત્યનાથે આરોપ લગાવ્યો કે, તેલંગાણા વિવિધ માફિયાઓની પકડમાં છે. તેમણે દાવો કર્યો હતો કે, ૨૦૧૭ પહેલા ઉત્તર પ્રદેશમાં આવા જ માફિયાઓ હતા અને ત્યાં દર બે-ત્રણ દિવસે રમખાણો થતા હતા. યોગી આદિત્યનાથે કહ્યું કે, ''માફિયાઓની સમાંતર સરકાર હતી, પરંતુ ડબલ એન્જિનની ભાજપ સરકારે આ માફિયા શાસનનો અંત લાવ્યો છે.'' તેમણે દાવો કર્યો હતો કે, ઉત્તર પ્રદેશમાં છેલ્લા સાડા છ વર્ષમાં કોઈ રમખાણ થયા નથી. તેમણે કહ્યું, ''તમે જોયું હશે કે યુપીના બુલડોઝર માફિયાઓ અને ગુનેગારો સામે કેવી રીતે કામ કરે છે. આ તેમનો ઉકેલ છે.''

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ અને બીઆરએસ એકબીજાની મિલીભગતમાં છે. તેણે કહ્યું, ''તેમનો કોમન ફ્રેન્ડ એમઆઈએમ છે, જે ફેવિકોલમાં કામ કરે છે.'' તેમણે લોકોને કહ્યું કે, તેમાંથી કોઈપણ એકને મત આપવાથી ત્રણેય મજબૂત થશે. તેમણે કહ્યું કે, ૨૬ નવેમ્બરે ભારતે મુંબઈમાં સૌથી મોટો આતંકવાદી હુમલો જોયો હતો. તેમણે કહ્યું કે, ''પરંતુ પીએમ મોદી વડા પ્રધાન બન્યા પછી, અમે એક નવું ભારત જોઈ રહ્યા છીએ. છેલ્લા ૧૦ વર્ષમાં કોઈ આતંકવાદી હુમલો થયો નથી અને કોઈ ઘૂસણખોરી થઈ નથી. દેશ જાણે છે કે, એર સ્ટ્રાઈક અને સર્જિકલ સ્ટ્રાઈકથી કેવી રીતે જવાબ આપવો. તેમણે આરોપ લગાવ્યો કે, દેશના સંસાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો હોવો જોઈએ તેવા સ્ટેન્ડ સાથે કોંગ્રેસ ભારતને ભાગલા તરફ લઈ જવા માંગતી હતી, પરંતુ લોકોએ તેની યોજનાને નિષ્ફળ બનાવી દીધી છે. તેમણે કહ્યું કે, મોદી વડા પ્રધાન બન્યા પછી સંસાધન પર ગરીબો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓનો પ્રથમ અધિકાર છે.

### ડો. પ્રવિણભાઈ તોગડીયાનાં આહ્‌વાનને લઈને

# અમરેલી : એએચપીનાં આગેવાનો હરિદ્વાર ખાતે મહાસંમેલનમાં જવા રવાના

### વેપારી અગ્રણીઓએ શુભકામનાઓ પાઠવી



અમરેલી, તા.૨૭, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા ટીમ હરિદ્વાર રાષ્ટ્રીય મહાસંમેલનમાં રહેવા માટે રવાનાં થઈ ત્યારે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં સ્થાપક ડોકટર પ્રવિણભાઈ તોગડીયાના આદેશ અનુસાર એને સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરાના નેતૃત્વમાં આ ટીમ રવાનાં થાય જેમાં સૌરાષ્ટ્ર સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ જિલ્લા અધ્યક્ષ ડોકટર દેસાણી જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી ઈન્ડિયા હેલ્થ લાઈન અધ્યક્ષ ડોકટર ગોંડલીયા તેમજ જિલ્લા મંત્રી જીલુભાઈ વાળા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા જિલ્લા કાર્યકારી અધ્યક્ષ મજબુત સિંહ બસીયા જિલ્લા ઉપાધ્યક્ષ ઉદયનભાઈ રાજપુત જિલ્લા મંત્રી મહેશભાઈ સોલંકી શહેર મંત્રી બાલમુકુંદભાઈ વાઢેર સહિતનાં આગેવાનો આ પ્રવાસે રવાનાં થયા ત્યારે ડોકટર ગજેરા વિભાગ ઉપાધ્યક્ષ દડુભાઈ ખાચર વિપુલભાઈ ગજેરા સિદ્ધાર્થભાઈ ગજેરા અને અમરેલી ડિસટીક ઓફ ચેમ્બર કોમર્સ વેપારી એસોસિએશન પ્રમુખ ચતુરભાઈ અકબરી હરેશભાઈ સાદરાણી, બાબુભાઈ કાબરીયા, હર્ષદભાઈ સૌમયા, હરેશભાઈ ટાંક યોગેશભાઈ કોટેચા, યોગેશભાઈ ગણાત્રા, મુકુંદભાઈ ગઢીયા, લાલભાઈ ગઢીયા, કનુભાઈ ગણાત્રા સહીત અનેક વેપાઓ ઉપસ્થિત રહયા હતા.

# સા.કુંડલાની નેશનલ બેઝબોલની ટીમે પંજાબ ખાતે શ્રેષ્ઠ દેખાવ કર્યો





સાવરકુંડલા, તા. ૨૭

૩૬મી સિનિયર નેશનલ બેઝબોલ રમતનું આયોજન સંગરૂર, પંજાબ ખાતે આયોજન કરવામાં આવેલું હતું. તેમાં ૨૨ રાજયોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો હતો. તેમાં ગુજરાતની ટીમમાં સાવરકુંડલા અને રાજકોટમાંથી પસંદગી પામેલા ખેલાડીઓએ ગુજરાતનું પ્રતનિધિત્વ કરેલ હતું. તેમાં ભાઈઓ અને બહેનોની ટીમનું પ્રદર્શન ખૂબ જ સારૂ જોવા મળેલ હતું. તેમાં ભાઈઓની ટીમના કેપ્ટન દિપકભાઈ વાળા અને બહેનોની ટીમના કેપ્ટન ચોડવડિયા ખુશીએ બંને કેપ્ટને ટીમને સાથે રાખી ગુજરાતની ટીમનું પ્રદર્શન સારૂ કરાવેલ. ભાઈઓની ટીમમાં વેકરીયા ખોડીદાસ, ઝાલાવાડીયા રોમલ, ચાંદ અમન, ઝાલા ધર્મરાજ, ભાલોડીયા વાસુ, ખાંડેખા શ્યામ, પાલા જીત, અંબાણી વર્ધમાન, કાનાણી સ્મિત, કાંબલીયા નરેશ, ત્રિવેદી નિરજ, ત્રિવેદી ધ્રુવ, પટેલ કવન, વ્યાસ આયુષ, બોરીચા રાજ તેમજ બહેનોની ટીમમાં અર્પિતા, ધ્રુવી, જયોતિકા, વૃંદા, પલ્વી, વિરાંગી, નેન્સી, મુસ્કાન તથા હિના આ બંને ટીમ દ્વારા સારૂ પ્રદર્શન કરેલ છે.

તે બદલ ગુજરાત ફેડરેશન બેઝબોલ ના પ્રમુખ અનિકેતભાઈ તથા હરશાંગભાઈ ઘોડાદરા તથા જોઈન્ટ સેક્રેટરી યોગેશભાઈ મારૂ તથા કેતનભાઈ તથા રવિભાઈ તથા તમામ ફેડરેશનના હોદેદારો દ્વારા ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

### અમૃવેલ ગામના યુવકને નવજીવન મળી ગયું

# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૧૮ વર્ષિય યુવાન દર્દીનો ૨૬ દિવસની સારવાર બાદ આબાદ બચાવ

### ભુલથી ઝેરી દવા પી જતાં સારવારમાં ખસેડાયા હતા

અમરેલી, તા. ૨૭

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતેથી મળેલ માહિતી મુજબ સાવરકુંડલા તાલુકાનાં અમૃતવેલ ગામના ૧૮ વર્ષીય યુવક હરિભાઈ રાજુભાઈ વેકરિયાથી ભૂલથી ઝેરી પદાર્થ પીવાઈ જતા તાત્કાલિક મહુવા ખાતે અને ત્યારબાદ જરૂરી સારવાર અર્થે પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. પરંતુ દર્દીના પિતા દ્વારા જણાવ્યા મુજબ પ્રાઈવેટ હોસ્પિટલમાં તબીયતમાં કોઈ સુધારો ન થતા અને દર્દીની હાલત ગંભીર થતા દર્દીને શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે લાવવામાં આવેલ હતાં. ઈમરજન્સી સારવાર વિભાગનાં ડો. કેવલ આદ્રેજા દ્વારા દર્દીને તાત્કાલિક આઈ.સી.યુ.માં દાખલ કરેલ અને જયાં દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ હતાં. મેડિસીન વિભાગના ફીજીશીયન ડો.વિજય વાળા દ્વારા સારવાર મળતા ચાર દિવસ બાદ દર્દી



કોમામાંથી બહાર આવેલ હતું.

દર્દીના પિતા રાજુભાઈ વેકરિયા દ્વારા જણાવ્યા મુજબ પ્રાઈવેટ હોસ્પિટલમાં થનાર છ લાખ રૂપિયા જેટલા માતબર ખર્ચની સામે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે વિના મુલ્યે તેમના પુત્રની યોગ્ય સારવાર ડો. વિજય વાળા, ડો. દિવ્યા ગુરવ, ડો. નીરજ ઠકકર,ડો. સુરજ સાવલિયા તથા આઈ.સી.યુ. સ્ટાફ દ્વારા કરવામાં આવતા તેમના પુત્ર માટે ડોકટરની ટીમ તથા હોસ્પિટલ આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.

૨૬ દિવસની સતત સારવાર બાદ દર્દીનો આબાદ બચાવ થતા દર્દી તથા તેમના સબંધીઓએ હોસ્પિટલ મેનેજમેન્ટ ટીમ, ડોકટર ટીમ, આઈ.સી.યુ.ટીમ અને હોસ્પિટલના ચેરમેન વસંતભાઈ ગજેરા પ્રત્યે પોતાનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો. અને હોસ્પિટલ ના ચેરમેને તમામ સ્ટાફને સારવારનું ઉતમ ઉદાહરણ પૂઢ પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# બાબરામાં સમતા સૈનિક દળ દ્વારા ૭૪માં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી

બાબરા, તા. ૨૭

ડો. બાબા સાહેબ દ્વારા સ્થાપવામાં આવેલ સમતા સૈનિક દળ દ્વારા બાબરા મુકામે ૭૪ માં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી. બાબરા મધુવન પાર્ક ખાતેથી ડ્રમ સાથે સમતા સૈનિક દળનાં સૈનિકો તેમજ તાલુકાના આગેવાનો રેલી સ્વરૂપે મધુવન પાર્કથી નીકળી અને બાબાસાહેબના સ્ટેચ્યુને સલામી આપવામાં આવી. મહાનુભાવોએ બાબાસાહેબ ના સ્ટેચ્યુને ફુલહાર કર્યા.

સમતા સૈનિકતાનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પી.એલ. મારૂએ સંવિધાન દ્વારા આ દેશનો કેવો વિકાસ થયો દરેક નાગરિકો માટે સંવિધાનમાં શું શું જોગવાઈ કરવામાં આવી એ વાત રજૂ કરવામાંઆવી. દુનિયાના સંવિધાન કરતા ભારતનું સંવિધાન કેવી રીતે શ્રેષ્ઠ છે એ બાબત જણાવવામાં આવી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

લેખિત સ્વરૂપે આ સંવિધાન આ દુનિયાનાં તમામ દેશો કરતા મોટું સંવિધાન છે. જેમાં તમામ નાગરિકોને ખૂબ અધિકારો આપવામાં આવેલ છે.

આ બાબત વર્ણવવામાં આવી. સાથે સાથે મહિલાઓ માટે જે ખાસ અધિકારો આપવામાં આવ્યા એ પણ બાબત જાહેર કરવામાં આવી. વાણી સ્વતંત્રતાના શિક્ષણના અને આરોગ્યના જે અધિકારો આપ્યા છે આ બાબત ની પણ વાત કરવામાં આવી. આમ આપણું જે બંધારણ છે એ સર્વશ્રેષ્ઠ બંધારણ છે એ બાબત જણાવવામાં આવી.

આ બંધારણથી ભારતના તમામ લોકોને ખૂબ જ અધિકારો મળેલ છે અને તેનાથી જ આપણો દેશનો આટલો ૭૪ વર્ષમાં વિકાસ થયો છે. આ બાબત જણાવવામાં આવી. અમદાવાદના મેઘવાળ સમાજના પ્રમુખ એવા અરવિંદભાઈ પરમાર દ્વારા પણ સંવિધાનને જીવંત રાખવું જોઈએ જેથી આપણાં દેશ નો વિકાસ થાય.

મહેશભાઈ ચાવડા મોટા દેવળીયા હાઈસ્કૂલના શિક્ષક અને સમતા સૈનિક દળના માસ્ટર ટ્રેનર એમણે પણ સંવિધાન જે લખવામાં આવ્યું ત્યારથી લઈ અને અત્યાર સુધીનો પૂરો ઈતિહાસ એમના દ્વારા કહેવામાં આવ્યો. ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ ડોકટર બાબા સાહેબે બે વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસમાં સંવિધાન લખી અને આપણા જે તે સમયના પ્રથમ રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્ર પ્રસાદને આ સંવિધાન આજની તારીખે સુપ્રત કરવામાં આવ્યું. એને આજે ૭૪ વર્ષ થયા એ બાબત એમણે ઉજાગર કરી અને સાથે સાથે સંવિધાનના બચાવવા માટે જે હાજર બધા હતા એને શપથ લેવડાવવામાં આવ્યા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત હતા.

જેમાં સમતા સૈનિક દળ નાં ગુજરાત પ્રદેશ પ્રમુખ પી એલ મારૂ, નગરપાલિકા સદસ્ય નરેશભાઈ મારૂ, અમદાવાદ મેઘવાળ સમાજના પ્રમુખ અરવિંદભાઈ પરમાર, મહેશભાઈ ચાવડા શિક્ષક દેવળીયા, વિનુભાઈ ચાવડા શિક્ષક, યોગેન્દ્રભાઈ મારૂ, મોહિતભાઈ મારૂ, બી.એલ. મારૂ, જગદીશભાઈ પરમાર, લખનભાઈ પરમાર, રાકેશભાઈ પરમાર, વિજયભાઈ મારૂ, કાળાભાઈ મારૂ, નીતિનભાઈ મારૂ, લખનભાઈ પરમાર અલ્પેશ પરમાર, આ બધા મિત્રો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહી અને આ સંવિધાન દિવસ ઉજવવામાં આવ્યો.

# અમરેલી જિલ્લાનાં ૧૦ ગામોનાં નાગરિકોને વિવિધ યોજનાથી માહિતગાર કરાયા

અમરેલી, તા.૨૭

વર્ષ – ૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ અમરેલી જિલ્લાના પાંચ તાલુકાઓમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જેમાં તા.૨૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ કુલ ૧૦ ગામડાઓના ૧,૦૩૦ નાગરિકોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાકીય વિગતો અને માહિતી મેળવ્યા હતા.

તેમને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા હતા. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના બીજા દિવસે – તા.૨૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ આરોગ્ય કેમ્પમાં ૪૪૫નાગરિકોએ આરોગ્ય ચકાસણી,૭૬ નાગરિકોએ ટીબી ટેસ્ટ કરાવ્યા હતા. 'મારૂં ભારત' અંતર્ગત ૫૫ સ્વયંસેવકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પ્રધાનમંત્રી ઉજજવલા યોજના માટે કુલ ૪૧ લાભાર્થીએ રજીસ્ટ્રેશન થયું હતું. ઉપરાંત બે મહિલાઓ સહિત વ્યક્તિ વિશેષને સન્માનિત કરવામાં આવ્યા હતા. 'મેરી કહાની મેરી ઝુબાનીના પર લાભાર્થીઓ હતા. ૨૬૬ નાગરિકોએ ભારતના વિકાસ માટે સંકલ્પ લીધા હતા. જમીન આરોગ્ય ચકાસણી નિદર્શનનો કુલ ૨૬ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ બાબતે ૧૯ ખેડૂતોએ માર્ગદર્શન મેળવ્યું હતું.

આયુષમાન કાર્ડ, જનધન, પીએમ કિસાન અને જળ જીવન મિશન (હર ઘર જલ)ની સંતૃપ્તિ માટે કુલ ૨૯ લાભાર્થીઓને વિગતો આપી યોજનાકીય લાભ પહોંચાડવા કાર્યવાહી કરવામાં આવી. ખુલ્લામાં શેચ ન થાય તે માટે ૮ નાગરિકોને માહિતગાર કરી તેમને શેચાલયની સુવિધાના લાભો મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું. ૧૦ નાગરિકોએ તેમના જમીનને લગતા રેકર્ડસનું ડિજિટલાઈઝેશન કરાવ્યું હતું ઉપરાંત ૯૮ લાભાર્થીઓએ આયુષમાન કાર્ડ માટેની પ્રક્રિયા કરી હતી અને ૧૦૬ આયુષમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના પૂર્વનિર્ધારિત ઢટ મુજબ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ધારી તાલુકાઓના ગામડાઓમાં તા.૨૪ નવેમ્બરથી તા.૨૯ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે.

જયારે સાવરકુંડલા તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે. કુંકાવાવ તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા.૧૬ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. રાજુલા તાલુકામાં આ યાત્રા તા.૨૪ નવેમ્બરથી તા.૨૮ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. બાબરા તાલુકામાં તા.૨૪ નવેમ્બરથી તા.૨૨ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે.

મહત્વનું છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજજવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ – જલજીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના,જીવન જયોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટીલાઈઝર યોજના સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે.

આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જનકલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

### બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા

# ગીરગઢડાનાં જરગલી ગામે નિર્માણ કરાયેલ નૂતન મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### ભગવાનને અન્નકુટ અર્પણ કરાયા બાદ રવી સભા યોજાઈ

ઉના, તા. ૨૭

ગીર ગઢડા તાલુકાનાં જરગલી ગામના બસ સ્ટેશનમાં નિર્માણધિન બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા બનાવાયેલ નૂતન મંદિર ખાતે પુ. અક્ષર ચરણ સ્વામિનાં વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભગવાનને અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. ત્યારબાદ રવી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રવી સભા પૂર્ણ થયા બાદ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાધુ અખંડ મંગળદાસ, સાધુ વિનમ્રમુનિદાસ, સાધુ સરળમૂર્તિદાસ સંતો તેમજ ગ્રામજનો અને ઉના ગીર ગઢડા તાલુકા પંથકનાં હરિભકતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

### જીણાબાવાની મઢી પાસે સ્ટોલ બનાવી સતત ત્રણ દિવસ સુધી ૨૪ કલાક ચા પાણીની સેવા

# વડિયાનાં હરભોલે મીત્ર મંડળ દ્વારા લીલી પરિક્રમામાં ૨૧ વર્ષોથી ચા પાણીની સેવા

### અનેક યુવાઓ અહિં રાત દિવસ સેવા આપી બાંધે છે પુણ્યનું ભાથુ

વડિયા, તા. ૨૭

સમગ્ર દેશ અને વિશ્વમાંથી લાખો લોકો ગરવા ગીરનારની લીલી પરિક્રમા કરી પૂણ્યનુ ભાથું બાંધવા ગીરનારની ગોદમાં આવે છે તેમાં ઘણા લોકો પરિક્રમામાં આવતા લાખો લોકોની સેવા કરીને પણ પૂણ્યનુ ભાથું બાંધતા હોય છે.

ત્યારે અમરેલી જિલ્લાનાં છેવાડાના તાલુકા મથક એવા વડિયાના હરભોલે મીત્ર મંડળ ના યુવાનો અને વડીલો છેલ્લા એકવીસ વર્ષથી પરિક્રમાનાં પહેલા પડાવ એવા જીણાબાવાની મઢી પાસે વિનામૂલ્યે ચા પાણીની ચોવીસ કલાક સેવા આપે છે ત્યારે લાખો લોકોને પગપાળા ચાલવાના થાકમાં રાહત આપવા ચા પીવડાવી વિસામો આપે છે અને પૂણ્યનુ ભાથું બાંધે છે. ચાલુ વર્ષે પણ ગરવા ગીરનારની પરિક્રમામાં આ સેવા આપવા હરભોલે મીત્ર મંડળ દ્વારા વડીલો સાથે પચાસ જેટલાં યુવાનોનું ગૃપ અહિ સેવા આપે છે.

જેમા ચાલુ વર્ષે ગુજરાતી ન્યૂઝ ચેનલ ટીવી ૯ નાં એન્કર જયેશ પારકર પણ જોડાયા હતા. આ સેવા યજ્ઞમાં લાકોએ ત્રણ દિવસમાં ચા–પાણીની સેવાનો લાભ લીધો હતો.



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

### મુખ્યમંત્રીએ જાપાનમાંથી અધિકારીઓને આપી સૂચના

# કમોસમી વરસાદમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને સહાય ચૂકવાશે

### સરકાર દ્વારા મૃતકના પરિવારોને ૪ લાખ સહાયની જોગવાઇ

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં કોમસમી વરસાદના કારણે અનેક જગ્યાએ ખાના ખરાબી થઈ છે. કમોસમી વરસાદમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને સહાય ચૂકવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર દ્વારા મૃતકના પરિવારોને ૪ લાખ સહાયની જોગવાઈ કરી છે. અત્રે જણાવીએ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અત્યારે જાપાનની મુલાકાતે છે પરંતુ કમોસમી વરસાદ અંગે તાંગ મેળવી અધિકારીઓને સહાય અંગે સૂચના આપી છે.

એક દિવસમાં કમોસમી વરસાદથી ૨૪નાં મોત થયા છે. રાજ્યમાં કમોસમી વરસાદનો કહેર જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે ૨૪ લોકોના મૃત્યું થયા છે. વરસાદની સાથે વિજળી પડવાની ઘટનામાં ૨૪ લોકોના મૃત્યું થયા છે. મહેસાણાના કડી,અમરેલીના જાફરાબાદ, બોટાદના બરવાળામાં વીજળી પડવાની ઘટના સામે આવી છે. ભરૂચ, સુરેન્દ્રનગર, સાબરકાંઠાના ઈડર, તાપી, દાહોદમાં વિજળી પડવાથી મૃત્યુની ઘટના બની છે. બાવળા, પાટણ, ખંભાળિયા, કાલોલ, વિરમગામમાં વીજળી પડવાથી મૃત્યુની ઘટના બની છે. મહેસાણામાં ઝાડ નીચે દબાઈ જતાં એક રિક્ષાચાલકનું પણ મોત નિપજ્યું છે. અંબાલાલ પટેલ જણાવ્યું કે, ૩૦ નવેમ્બરે ઉત્તરના પહાડો પર હિમવર્ષા થવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉત્તરના પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થશે તેમજ હિમવર્ષાના કારણે ધીમે ધીમે ઠંડીનું જોર વધશે. માવઠાના કારણે કપાસના પાકમાં લીલી ખાખરી આવવાની સંભાવના છે. જંબુસર અને ભરૂચના કેટલાક વિસ્તારમાં માવઠું પડી શકે છે. વડોદરા અને સૌરાષ્ટ્રના ભાગોમાં પણ કમોસમી વરસાદની શક્યતા છે. માવઠાના કારણે ઉત્તર ગુજરાતના ભાગોમાં ઠંડીનું જોર વધશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલીનાં ડો. આંબેડકરનગર ખાતે યોજાયેલ માતાજીના માંડવામાં નાયબ દંડક ઉપસ્થિત રહ્યાં






અમરેલીનાં સાવરકુંડલા બાયપાસ ડો. આંબેકડર નગર ખાતે શનિવારે માતાજીના ભકતજનો દ્વારા માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાયબ દંડક કૌશિક વેકરિયાનું પણ આગમન થતાં, નાની બાળાઓએ તેમનું કુમકુમ તિલકથી સ્વાગત કર્યુ હતું. આ તકે માતાજીનાં ડાકલા, ભોજન પ્રસાદ પણ જોડાયા હતા. આ તકે પુર્વ નગરસેવક મધુભાઈ ચાવડા, રાઘવભાઈ મકવાણા, કનુભાઈ સરવૈયા, પ્રવિણભાઈ ચાવડા, દિપકભાઈ ઝાલા, છગનભાઈ વિરાસ, મહેન્દ્રભાઈ ચાવડા, અશોકભાઈ વિરાસ, સુરેશભાઈ શેખવા, પ્રદિપભાઈ ટીમાણીયા પણ આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહયા હતા.

### દામનગર નજીક આવેલ

## ધામેલપરા ગામે ઉછીના પૈસાની ઉઘરાણી કરતાં ખેડૂત યુવક ઉપર ટોળાનો હુમલો

### ભાલવાવ–નાના ચારોડીયા ગામનાં શખ્સો સામે ફરિયાદ

અમરેલી, તા. ૨૭

લાઠી તાલુકાનાં ધામેલપરા ગામે રહેતા અને ખેતી કામ કરતાં મધુભાઈ પરશોતમભાઈ કાકડીયા નામનાં ૩૭ વર્ષિય ખેડૂત યુવકે અગાઉ લાઠી તાલુકાનાં ભાવવા ગામે રહેતા કિશોરસિંહ ઘોઘુભા ગોહિલને ઉછીનાં પૈસા આપેલ હોય. તે પૈસાની આ ખેડૂત યુવકે ઉઘરાણી કરતા લખધીરસિંહ ઘોઘુભા સહિત ૬ જેટલા શખ્સોએ એક સંપ કરી આ ખેડૂતનાં રહેણાંક મકાને જઈ ગાળો આપી, ઠીકાપાટુનો માર મારી ૩ આરોપીએ ખેડૂતને પકડી રાખી લોખંડનાં પાઈપ વડે માર મારી જમણા પગમાં ઘુંટણની નીચે ફેકચર જેવી ઈજા કર્યાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાઈ છે.

તો સામાપરેક્ષ આ જ બનાવમાં લખધીરસિંહ ઘોઘુભાએ પણ મધુભાઈ કાકડીયા સામે માથામાં લાકડી મારી ગંભીર ઈજાઓ કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

### પૂ.લવજીબાપુ દ્વારા

## ટીંબી : સ્વામીનિર્દોષાનંદજી હોસ્પિટલને ૫૧ હજારનું અનુદાન

### ટ્રસ્ટી મંડળે આભાર માન્યો



ટીંબી, તા. ૨૭

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જિ.ભાવનગર) માં ચાલતા નિઃશૂલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત ખોડલધામ મંદિર નેસડી (સાવરકુંડલ) મંદિરનાં મહંત પુજય લવજીબાપુનાં નેતૃત્વમાં ચાલતી શ્રીમત ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ દરમિયાન તા. ૨૦/૧૧/૨૦૨૩નાં રોજ પુજય લવજીબાપુ દ્વારા દર્દીનારાયણનાં લાભાર્થે રૂા. ૫૧,૦૦૦ (અંકે રૂપિયા એકાવન હજાર પુરાનો ચેક હોસ્પિટલનાં મંત્રી) બી.એલ. રાજપરાને અર્પણ કરવામાં આવેલ.

હોસ્પિટલ ટ્રસ્ટી મંડળ વતિ મહંત પુજય લવજીબાપુનો હૃદયપુર્વકનો આભાર વ્યકત કરેલ છે.

પૂ.ગુરૂદેવ તેમને સુખ, સમૃદ્ધિ અને લાંબુ આયુષ્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના'

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

પાના ૧ ઉપરનું ચાલું **સોમનાથ ખાતે કાર્તિકી પૂર્ણિમાની**

આ સંયોગને ભકતો અમૃત વર્ષા યોગ તરીકે ઓળખે છે. કારણકે ભકતોને પ્રબળ શ્રદ્ધા છે કે જયારે ચંદ્રદેવ પોતાના નાથ સોમનાથ મહાદેવને પોતાની પ્રભા એટલે કે પ્રકાશથી અભિષેક કરવા પધારે છે ત્યારે આ અમૃત વર્ષાના દર્શન કરનાર દરેક ભકતની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે અને ચંદ્રદેવની જેમ ભકતોની પણ તમામ સમસ્યાઓ સોમનાથ મહાદેવ દૂર કરે છે. અમૃત વર્ષા યોગના દર્શન કરવા દેશ–વિદેશમાંથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચ્યા હતા. ભકતોએ પોતાના અને પરિવારના કલ્યાણની સાથે વિના કલ્યાણની સોમનાથ મહાદેવની પ્રાર્થના કરી હતી.

કાર્તિકી પૂર્ણિમાનાં આ અદભુત સંયોગને અનુલક્ષીને શ્રી સોમનાથ મંદિરમાં રાત્રિના ૧૧:૦૦ વાગે મહાપૂજા કરવામાં આવી હતી. તેમજ પરંપરા અનુસાર મધ્યરાત્રીએ ૧૨ કલાકે સોમનાથ મહાદેવની મહા આરતી કરવામાં આવી હતી. દેશ–વિદેશમાંથી આવનાર ભકતોના હર હર મહાદેવ, જય સોમનાથના નાદથી શ્રી સોમનાથ મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૫૬ |
| ૨ | જુવાર સફેદ | ૧૦૦૨ | ૧૪૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૯૭ | ૧૨૭૧ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૩૫ |
| ૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | ધાણા | ૧૦૦૧ | ૧૨૪૦ |
| ૬ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | મગ | ૧૮૦૫ | ૧૮૦૫ |
| ૮ | અડદ | ૧૬૫૫ | ૧૬૫૫ |

## માહી ડેરી દ્વારા નેશનલ મિલ્ક ડેની અનોખી ઉજવણી




અમરેલી, તા. ૨૭

વિશ્વભરમાં દુધ ઉત્પાદન ક્ષેત્રે ભારતનું નામ રોશન કરવામાં જેમનો સિંહફાળો રહયો છે તેવા શ્વેતક્રાંતિનાં સર્જક, ડેરી ઉદ્યોગને ગ્રામીણ ભારતમાં સૌથી વધુ મોટા પ્રમાણમાં રોજગારી પુરી પાડતો ઉદ્યોગ બનાવનાર અને સમગ્ર વિશ્વમાં ડેરી વિકાસનાં સૌથી વિસ્તૃત કાર્યક્રમ "ઓપરેશન ફલડ"નાં શિલ્પી ડો.વર્ગીસ કુરિયરનનાં જન્મદિનને સમગ્ર દેશ નેશનલ મિલ્ક ડે તરીકે ઉજવે છે. સૌરાષ્ટ્ર – કચ્છનાં દુધ ઉત્પાદકોની સંસ્થા– માહી ડેરી દ્વારા મિલ્કમેન ડો.વર્ગીસ કુરિયનની જન્મ જંયતિ નિમિતે રાજકોટ ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પ તેમજ પ્રાથમિક આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે ડેરીની વિવિધ જિલ્લા કચેરીએ ખાતે પણ જુદા જુદા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

દેશમાં શ્વેતક્રાંતિનાં જનક ડો.કુરિયને તેમનું સમગ્ર જીવન દુધ ઉત્પાદકો માટે ન્યોચ્છાવર કરી દીધું હતું. તેમનાં જન્મદિનની માહી ડેરી દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી હતી. માહી ડેરીની જિલ્લા કચેરીઓ દ્વારા ડો.કુરિયનનાં જીવન કવન વિશે દુધ ઉત્પાદકો તેમજ બાળકોને માહિતગાર કરી શકાય તે માટે શ્વેતક્રાંતિનાં પ્રણેતા ડો.વર્ગીસ કુરિયનની ઓટોબાયોગ્રાફી રજુ કરી ડો.કુરિયને આપેલા યોગદાનને બિરદાવાયું હતું. ત્યારબાદ ડેરીનાં પીઆઈબી વિભાગ દ્વારા સ્વચ્છ દુધ ઉત્પાદન સંદર્ભે તૈયાર કરવામાં આવેલું પ્રેઝન્ટેશન રજુ કરી ડો.કુરિયનનાં સ્વપ્નને સાકાર કરવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં અનેક સભાસદો ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત, અનાથાશ્રમ અને બાલાશ્રમ જેવી સંસ્થાઓનાં બાળકોને પણ ડો.કુરિયનનાં જીવનકવનની જાણકારી આપી તમામ બાળકોને માહીનાં ફલેવર્ડ મિલ્ક – 'માહી મિલ્કોલા' પીવડાવાયું હતું.

રાજકોટનાં ખંઢેરીમાં આવેલી એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ ખાતે એચ.સી.જી. હોસ્પિટલ અને નેત્રદીપ મેકસીવિઝન આઈ હોસ્પિટલનાં સહયોગથી કર્મચારીઓ માટે પ્રાથમિક ચકાસણી અને આંખ તપાસ માટેનાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે જીવનદીપ બ્લડ બેન્કનાં સહયોગથી એક રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ યુનિટ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** તેહમીનાબેન સુલતાનભાઈ (ઉ.વ.૬૧) તે અબ્દુલ ાભાઈ મુ ગુલામ હુસેન કાચવાલાનાં પત્ની તથા અલીફિયાબેન (કોઈમ્બતુર), સકીનાબેન (પાલીતાણા), ખદીજાબેન (જામનગર) અને બીલફઝલ ભાઈનાં ''માં'' તા. ૨૭/૧૧/૨૦૨૩ નાં રોજ વફાત થયેલ છે. તેમની ઝયારત તા. ૨૯/૧૧/૨૦૨૩ (બુધવાર)નાં રોજ ૧૧:૩૦ વાગે ઈઝી મસ્જિદ સાવરકુંડલામાં રાખેલ છે.

**સાવરકુંડલા :** કૃષ્ણલાલ મગનલાલ વ્યાસ (ઉ.વ.૨૩)નું તા.૨૩/૧૧/૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે. તે જીતેન્દ્રભાઈ તથા ગોપાલભાઈના પિતાશ્રી થાય.

**સાવરકુંડલા :** ડોકટર શ્રીમતિ હીરાબેન વોરા, (ઉ.વ.૯૪) તા.૨૭/૧૧ ને શનિવારનાં રોજ અવસાન થયેલ છે. તે ડોકટર ઉષાકાંન્તભાઈ વોરાના ધર્મ પત્ની તથા ધિલેનભાઈના માતૃશ્રી થાય.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | – | ૩૩૦૫ |
| ૨ | કપાસ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૭ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૮ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૨૭૨ |
| ૬ | તુવેર | ૧૫૦૦ | – |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૧૧ | ૧૨૪૧ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૮૫૦ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૬૧૨ |
| ૭ | જુવાર | ૮૬૦ | ૧૩૫૧ |
| ૮ | મગ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૯ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | ચણા | ૯૦૭ | ૧૦૫૨ |
| ૧૧ | સોયાબીન | ૮૧૪ | ૯૪૩ |

## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ દક્ષાબેન જીતુભાઈ સરવૈયા , રહે.સાવરકુંડલા (ઠે.રેલ્વે સ્ટેશનની સામે) તાલુકો–સાવરકુંડલા, જીલ્લો–અમરેલીની મિલ્કત અંગે લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના કુંડલા તાલુકાના ગામ મોજે સાવર સામા પાદર ગામની સીમના સર્વેનંબર ૧૭/પૈકી ૫ ની બીનખેતીમા ફેરવાયેલ હે.૧–૮૦–૯૯ માહે આવેલ ''અશોક વાટિકા' ના પ્લોટ નં.૫૭ ની જમીન ચો.મીટર:૧૦૮–૮૭ ની જમીન અમારા અસીલ એ વઘાસીયા બાવચંદભાઈ વલ્લભભાઈ વિગેરે પાસેથી વેચાણ રાખવા અમારા અસીલ એ નકકી કરેલ છે.ઉપરોકત રે.સ.નં.૧૭ ની જમીનના માલીક ધનશ્યામભાઈ જેઠાભાઈ ડોબરીયા પાસેથી આ જમીન (૧) નંદલાલભાઈ જેઠાભાઈ ડોબરીયા, (૨) હિંમતભાઈ જેઠાભાઈ ડોબરીયા, (૩) બાવચંદભાઈ વલ્લભભાઈ વઘાસીયા તથા (૪) હસમુખભાઈ વલ્લભભાઈ વઘાસીયાએ તા.૯/૨/૨૦૧૮ ના સાવરકુંડલા સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમા નં.૨૧૪ થી નોંધાયેલ વેચાણલેખ થી વેચાણ રાખેલ ત્યારથી તેમની માલીકી હકકે આવેલ. આ જમીન તેઓએ બીનખેતીમા ફેરવવા અરજ કરતા કલેકટર સાહેબશ્રી, અમરેલીના હુકમ નં.૩૦/૧૩/૦૮/૦૯૧/૨૦૧૯ તા.૨/૭/૨૦૧૯ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. આ જમીન માહેના પ્લોટ નં.૫૭ ની જમીન ચો.મી.૧૦૮–૮૭ અમારા અસીલને વેચાણ આપવા (૧) વઘાસીયા બાવચંદભાઈ વલ્લભભાઈ પોતે જાતે તથા (૨) વઘાસીયા હસમુખભાઈ વલ્લભભાઈના કુલમુખત્યાર તરીકે તથા (૩) ડોબરીયા નંદલાલ જેઠાભાઈ પોતે જાતે તથા (૪) ડોબરીયા હિંમતભાઈ જેઠાભાઈ ના કુલમુખત્યાર તરીકે નકકી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૮/૧૧/૨૦૨૩

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૧૦૯૬ | ૧૧૫૫ |
| ૩ | મગ | ૧૨૧૦ | ૧૬૭૦ |
| ૪ | સોયાબીન | ૮૩૬ | ૯૫૫ |
| ૫ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૬ | મગફળી | ૧૦૯૫ | ૧૨૫૦ |
| ૭ | ચણા સફેદ | ૧૩૦૩ | ૧૩૦૩ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૬૮ |
| ૯ | જુવાર | ૧૧૯૯ | ૧૨૩૪ |
| ૧૦ | લસણ | ૭૦૦ | ૭૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં ગર્જના અને**

ગ્રામ્ય વિસ્તારમાં પણ ગઈકાલે વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ પડયો હતો. બગસરાના સાપર, સુડાવડ, લુઘીયા, નવી–જુની હળીયાદ, માવજીંજવા, બાલાપુર, પીઠડીયા સહિત ગામડામાં કમોસમી વરસાદ પડતા ભર શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત બન્યા હતાં અને રવિપાકોને ભારે નુકસાનની ભીતી વર્તાઈ રહી છે. રવિ પાકમાં ઘઉં, જીરૂ, બાજરી સહિત પાકના વાવેતર ઉપર પણ ધોધમાર કમોસમી વરસાદ પડયો હતો.

જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ પંથકમાં પણ ગઈકાલ વહેલી સવારથી જ કોસ્ટલ બેલ્ટ વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો.

જાફરાબાદમાં કમોસમી વરસાદની સાથે સાથે વીજળી ત્રાટકી હતી જેમાં વીજળીએ એક જિંદગી વેરાન કરી દીધી હતી. જેમાં જાફરાબાદ તાલુકાના રોહિસા ગામના ખેતીકામ કરતા ૧૬ વર્ષિય તરૂણ ભવ્યેશ કરશનભાઈ વાઘેલા (ઉ. વ.૧૬) રહે. રોહિસા પર વીજળી પડતાં યુવકનું મોત નિપજયું હતું. આ તરૂણ પોતાના ખેડુત પિતાના ખેતરમાં કઠોળ ઉપર પ્લાસ્ટિક ઢાંકવા જતા આ ઘટના ઘટી હતી. જયારે બપોરે ફરી આ જ જાફરાબાદ તાલુકાના રોહીસા ગામમાં વીજળીએ કાળો કહેર વર્તાવ્યો હોય તેમ એક જ દિવસમાં બીજી વાર વીજળી ત્રાટકી હતી. જેમાં જગાભાઈ બાંભણીયા નામના આધેડને વીજળી પડતાં કમરના ભાગે ઈજાઓ થવા પામી હતી. જેમાં ઈજાગ્રસ્ત આધેડને જાફરાબાદ સિવિલમાં ખસેડાયા હતાં. આમ કમોસમી વરસાદ સાથે વીજળી પડવાની ઘટનાઓથી રોહિસામા ભયનો માહોલ સર્જાયો હતો.

અમરેલી શહેરમાં ગઈકાલ સવારથી જ ધોધમાર વરસાદ, ધીમીધારે વરસાદ શરૂ થયો. આ દિવસભર કમોસમી વરસાદે ધમરોળતા અને કાનનાં પરદા ફાડી નાંખે તેવી ગર્જના અને નાગિન જેવી વીજળીના ચમકારા વચ્ચે શહેરના કેટલાંક ભાગોમાં કરા સાથે વરસાદ ત્રાટકયો હતો. જેને લઈ લગ્નની સિઝન તથા શહેરમાં યોજાયેલા દિવાળી પછીના સ્નેહમિલન જેવા અનેક જાહેર કાર્યક્રમમાં કમોસમી વરસાદ વરસતા આયોજકોએ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

આ ઉપરાંત અમરેલી જિલ્લાના સાવરકુંડલા, રાજુલા, લાઠી, લીલીયા, વડિયા, બાબરા સહિતના તાલુકા તથા ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડયો હતો. આજે સવારે ૬ વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમરેલીમાં ૬૯ એમ.એમ., ખાંભામાં ૧૩ એમ.એમ., જાફરાબાદમાં ૨૨ એમ.એમ., ધારીમાં ૧૭ એમ.એમ., બગસરામાં ૨૭ એમ.એમ., બાબરામાં ૨૩ એમ.એમ., રાજુલામાં ૨૪ એમ.એમ., લાઠીમાં ૪૪ એમ.એમ., લીલીયામાં ૩૭ એમ.એમ., વડિયામાં ૩ એમ.એમ. તથા સાવરકુંડલામાં ૧૧ એમ.એમ. વરસાદ અમરેલી ફલડ કંટ્રોલ રૂમ ખાતે નોંધાયો હતો.

આજે પણ આકાશમાં વાદળો ગોરંભાયેલા હોય અને હવામાન ખાતાની વધુ વરસાદની આગાહી હોય વધુ કમોસમી વરસાદની શકયતાને નકારી શકાય તેમ નથી.

## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ દક્ષાબેન જીતુભાઈ સરવૈયા , રહે.સાવરકુંડલા (ઠે.રેલ્વે સ્ટેશનની સામે) તાલુકો–સાવરકુંડલા, જીલ્લો–અમરેલીની મિલ્કત અંગે લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના કુંડલા તાલુકાના ગામ મોજે સાવર સામા પાદર ગામની સીમના સર્વેનંબર ૧૭/પૈકી ૫ ની બીનખેતીમા ફેરવાયેલ હે.૧–૮૦–૯૯ માહે આવેલ ''અશોક વાટિકા' ના પ્લોટ નં.૫૭ ની જમીન ચો.મીટર:૧૦૮–૮૭ ની જમીન અમારા અસીલ એ વઘાસીયા બાવચંદભાઈ વલ્લભભાઈ વિગેરે પાસેથી વેચાણ રાખવા અમારા અસીલ એ નકકી કરેલ છે.ઉપરોકત રે.સ.નં.૧૭ ની જમીનના માલીક ધનશ્યામભાઈ જેઠાભાઈ ડોબરીયા પાસેથી આ જમીન (૧) નંદલાલભાઈ જેઠાભાઈ ડોબરીયા, (૨) હિંમતભાઈ જેઠાભાઈ ડોબરીયા, (૩) બાવચંદભાઈ વલ્લભભાઈ વઘાસીયા તથા (૪) હસમુખભાઈ વલ્લભભાઈ વઘાસીયાએ તા.૯/૨/૨૦૧૮ ના સાવરકુંડલા સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમા નં.૨૧૪ થી નોંધાયેલ વેચાણલેખ થી વેચાણ રાખેલ ત્યારથી તેમની માલીકી હકકે આવેલ. આ જમીન તેઓએ બીનખેતીમા ફેરવવા અરજ કરતા કલેકટર સાહેબશ્રી, અમરેલીના હુકમ નં.૩૦/૧૩/૦૮/૦૯૧/૨૦૧૯ તા.૨/૭/૨૦૧૯ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. આ જમીન માહેના પ્લોટ નં.૫૭ ની જમીન ચો.મી.૧૦૮–૮૭ અમારા અસીલને વેચાણ આપવા (૧) વઘાસીયા બાવચંદભાઈ વલ્લભભાઈ પોતે જાતે તથા (૨) વઘાસીયા હસમુખભાઈ વલ્લભભાઈના કુલમુખત્યાર તરીકે તથા (૩) ડોબરીયા નંદલાલ જેઠાભાઈ પોતે જાતે તથા (૪) ડોબરીયા હિંમતભાઈ જેઠાભાઈ ના કુલમુખત્યાર તરીકે નકકી કરેલ છે.સદરહુ મિલ્કત સબંધે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૮/૧૧/૨૦૨૩

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૮ | ૧૨૮૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૬ | ૧૩૫૫ |
| ૩ | તલ સફેદ | ૨૮૧૦ | ૩૩૭૫ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૨૦૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૨૧ | ૪૦૨૧ |
| ૬ | બાજરો | ૪૮૬ | ૪૯૦ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૭ |
| ૯ | ઘઉં લોકવન | ૫૪૭ | ૫૬૫ |
| ૧૦ | અડદ | ૧૫૯૯ | ૧૭૬૧ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૨૩૫ |
| ૧૨ | કપાસ | ૯૯૯ | ૧૪૬૯ |
| ૧૩ | એરંડા | ૯૮૫ | ૯૮૫ |
| ૧૪ | ધાણા | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૧૫ | સોયાબીન | ૯૩૫ | ૯૪૬ |
| ૧૬ | મરચા લાંબા | ૧૫૬૦ | ૩૩૦૦ |

## યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયાના નેતૃત્વમાં સમગ્ર ટીમ દ્વારા કરાયું હતુ ઉત્કૃષ્ટ આયોજન

# અમરેલી જિલ્લા આહીર સમાજનો પ્રથમ સ્નેહમિલન અને સત્કાર સમારંભ દબદબાભેર યોજાયો

**અવિરત વરસાદ વચ્ચે પણ સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી સંગઠનરૂપી એકતાના કરાવ્યા દર્શન**

**ટૂંકા સમયમાં યુવા આહીર સમાજના પ્રમુખની એક હાકલે સમાજ સંગઠિત બની એક તાંતણે બંધાતો જોવા મળ્યો**

**અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમાં સમાજને દરેક ક્ષેત્રે વિકાસ પ્રકિયામાં યુવા પેઢીને ભાગીદાર બનાવવા માટેનો રોડમેપ તૈયાર**

**રાજકીય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર સમાજ શ્રેષ્ઠિઓનુ કરાયું સન્માન**




અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં મોટાભાગના તાલુકાઓમાં આહીર સમાજમાં મોટી સંખ્યામાં વસવાટ કરી રાજકીય, સામાજિક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ પણ કરે છે. વર્તમાન સમયમાં દરેક સમાજે પોતાના સમાજની ભાવિ પેઢીનું નિર્માણ કરવા અને વર્તમાન ટેકનોલોજીના વિકાસલક્ષી યુગમાં સમાજ ઉપયોગી પ્રવુતિઓમાં યુવાઓને આગળ લાવવા માટે દરેક સમાજ પ્રયત્નશીલ હોય છે. અમરેલી જિલ્લામાં થોડા દિવસો પેહલા અમરેલી જિલ્લા યુવા આહીર સમાજ નામના સંગઠનની રચના કરી તેમનું સુકાન યુવા અગ્રણી કમલેશ ગરણિયાને સોંપવામાં આવ્યુ હતુ.

આ નવનિયુકત યુવા પ્રમુખે વડીલ આગેવાનોના માર્ગદર્શન અને યુવાઓની જહેમતથી અમરેલી શહેર સ્થિત આવેલા આહીર વિદ્યાર્થી ભવન ખાતે આહીર સમાજના પ્રથમ સ્નેહમિલન અને સત્કાર સમારંભનુ ભવ્ય આયોજન ઈષ્ટદેવ દ્વારકાધીશના અધ્યક્ષ સ્થાને સાધુ-સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં પરમ હંસ સન્યાસ આશ્રમ બારપટોળીથી પૂજય ઉર્જામૈયા, મહાકાળી આશ્રમ, ઠવીથી પૂજય જયવીરનાથજી તથા સમગ્ર જિલ્લામાંથી રાજકીય ક્ષેત્રે ચૂંટાયેલા અને પક્ષનાં હોદ્દા ધરાવતા આગેવાનો, સરકારમાં સેવા આપતા વર્ગ એક અને બે ના અધિકારીઓ, સામાજિક આગેવાનો અને સાધુ સંતોએ હાજરી આપી ઉપસ્થિત લોકોને નૂતન વર્ષાભિનંદન પાઠવી શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં રાજકીય ક્ષેત્રના આગેવાનોમાંથી જિલ્લા પંચાયત સદસ્યોં, તાલુકા પંચાયત સદસ્યોં, રાજકીય પાર્ટીના રાજય અને જિલ્લા લેવલના હોદ્દેદારો, રાજયમાં અને જિલ્લા લેવલે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકો, પ્રોફેસરો અને સામાજિક આગેવાનોનું ઈષ્ટદેવ શ્રી દ્વારકાધીશની તસ્વીર રૂપી મોમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા, તો યુવા આહીર સમાજના નવનિયુકત પ્રમુખ કમલેશ ગરણિયાનુ પણ સમગ્ર આહીર સમાજ દ્વારા સન્માન કરાયું હતુ.

આ તકે રાજકીય આગેવાન અમરીશ ડેર દ્વારા સમાજની યુવા કેડરને તૈયાર કરી સમાજના ભાવી આગેવાનો તૈયાર કરવા આહવાન કર્યુ હતુ તો સમાજના કલાસ વન અધિકારી ગીતાબેનઅને ખૂંગલા એ સ્પર્ધાત્મક પરિક્ષામાં યુવાઓને તૈયારી કરી સરકારી નીકરીઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા આહવાન કર્યુ હતુ સાથે પોતે માર્ગદર્શન માટે હરહંમેશ સમાજની સાથે ઉભા રહેવા પણ જણાવાયું હતુ. આ તકે અમરેલી જિલ્લામાં વિવિધ સરકારી કચેરીઓ ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓનુ એક કર્મચારીઓ મંડળ બનાવવા અને સહકારી ક્ષેત્રે માં એક મંડળ ઉભું કરવા માટે એક મત સાધી આવનાર દિવસોમાં સમાજને મદદરૂપ થવા અને પ્રોત્સાહક કાર્યો કરવા માટે તમામ આગેવાનો એ એક સુર વ્યકત કર્યો હતો અને આ કામની જવાબદારી યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયાના શિરે મૂકી હતી.

આ કાર્યક્રમમાં યુવા પ્રમુખની એક જ હાકલે સમગ્ર જિલ્લામાંથી વરસાદી વિઘ્ન વચ્ચે પણ ચાલુ વરસાદે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી સમાજની એકતાના દર્શન કરાવ્યા હતા. ''અન્ન ભેગા એના મન ભેગા'' એ કહેવત મુજબ એક પંગતે ભોજન પ્રસાદ લઈ સમાજે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને આવનાર દિવસો માં સમગ્ર જિલ્લામાં આહીર સમાજ ને સંગઠિત કરી સમાજના વિકાસલક્ષી કાર્ય સાથે યુવા નેતૃત્વ રૂપી નવી યુવા ટીમો બનાવી તેને સમાજકાર્યમાં જોડવા સંકલ્પ કરાયો હતો. આ તકે સાધુ સંતોમાં પૂજય ઉર્જા મૈયા એ પણ આહીર આજના યુવાઓને વ્યસનમુકત બનવા અને શૈક્ષણિક ક્રાંતિ સર્જીને પોતાનામાં પડેલું હિર સમાજ અને દેશના વિકાસમાં ઉપયોગ કરવા અનુરોધ કરાયો હતો. આ કાર્યક્રમમાં પૂજય ઉર્જા મૈયા, પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર, આહીર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર, અમરેલી જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લાલભાઈ મોર, પ્રભાતભાઈ કોઠીવાળ , ગાંડાભાઈ લાખનોત્રા, જે.ડી. કાછડ, વનરાજભાઈ કોઠીવાડ, રાજુભાઈ ભૂતૈયા, કેશુરભાઈ ડેર સહીત જિલ્લાના રાજકીય આગેવાનો ઉપરાંત જિલ્લા હિસાબી અધિકારી વિક્રમભાઈ ખૂંગલા, જીએસટીના આસી. કમિશ્નર ગીતાબેન જીંજાળા સહીત મોટી સંખ્યામાં વર્ગ બે ના અધિકારીઓ અને સામાજિક અગ્રણીઓ સહીત સમગ્ર જિલ્લામાંથી આહીર સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### દર્દીનારાયણની વિનામૂલ્યે સેવા કરતી


## સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને અમેરિકાસ્થિત ભામાશા દ્વારા રૂપિયા ૨૧.૨૧ લાખનું અનુદાન

### બંકીમભાઇ શાહ અને ધર્મપત્નિનો ટ્રસ્ટીઓએ આભાર માન્યો

ટીંબી, તા.૨૭

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જિ.ભાવનગર)માં ચાલતા નિઃશૂલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત એવા વડનગર ગામનાં વતની અમેરિકા (ફલોરિડા) સ્થિત દાતા બંકીમભાઈ શાહ અને તેમનાં ધર્મપત્નિ તા.૨૪/૧૧/૨૦૨૩ના રોજ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.


તેઓએ હોસ્પિટલનાં બધા જ વિભાગોની પ્રત્યેક્ષ મુલાકાત લઈને ખુબ જ પ્રશંસા વ્યકત કરી હતી. સાથે ભોજન પ્રસાદ પણ હોસ્પિટલના ગુરૂકૃપા અન્નક્ષેત્રમાં લીધેલ. દર્દીનારાયણની સારવારઅર્થે સહભાગી થવાનાં શુભાશયથી



તેઓએ દિવસ ૧૦૧ (એકસો એક) માટે ભોજન પ્રસાદ અર્થે રૂા.૨૧,૨૧,૦૦૦ અંકે રૂપિયા એકવીસ લાખ એકવીસ હજાર પુરાનાં અનુદાનનો ચેક મંત્રી બી.એલ.રાજપરા અને ટ્રસ્ટી પરેશભાઈ ડોડિયાને અર્પણ કરેલ છે. તેઓઓનું હોસ્પિટલનાં પ્રણેતા સદગુરૂદેવ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ વતિ બંકીમભાઈ શાહ તથા તેમનાં પરિવારજનોનો હૃદયપુર્વકનો આભાર વ્યકત કરેલ છે.

## દામનગરમાં દોઢ ઈંચ વરસાદથી ભારે નુકસાન



દામનગર, તા. ૨૭, કમોસમી માવઠું અને વીજળી રાણીએ ગુજરાતમાં કહેર મચાવ્યો. દામનગરમાં સવારથી સાંજ સુધીમાં દોઢ ઈંચ. ગયા ઉનાળાના દિવસોમાં માવઠું થયું હતું ત્યારે કરા પડયા હતા. જયારે આ શિયાળામાં માવઠાની આગાહી મુજબ ગત રોજ રવિવારે કાર્તિકી પૂર્ણિમાના દિવસે સમગ્ર ગુજરાતમાં પવન સાથે માવઠું વરસતા સાથે-સાથે વીજળી પડતા નુકસાન થતા વાયું પ્રદૂષણ અને સૃષ્ટિ વિરૂદ્ધના નિયમોનું પરિણામ ચોક્કસ પણે કહી શકાય ...!! દામનગરમાં પણ માવઠું વરસતા સવારથી સાંજ સુધીમાં અંદાજે દોઢેક ઈંચ વરસી જતા,તેમજ નજીકના ગામોમાં પણ હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

## રવિવારે રજાનાં દિવસે કમોસમી વરસાદે હાજા ગગડાવી દીધા

# અમરેલી જિલ્લામાં ગર્જના અને નાગિન જેવા વીજળીનાં ચમકારા થયા

**જાફરાબાદનાં રોહિસાનાં ૧૬ વર્ષિય તરૂણનું વીજળી પડવાથી મોત અને અન્ય આધેડ ઈજાગ્રસ્ત**

**ગણતરીની કલાકોમાં પોણા ૩ ઈંચ વરસાદ પડી જતાં ઠેર–ઠેર પાણી ભરાયા**

**ઘઉં, ચણા, જીરૂ સહિતનાં પાકોને વ્યાપક નુકસાન થયાનું અનુમાન**

**જિલ્લાનાં દરેક તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારોમાં બઘડાટી બોલી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, જીતેશગીરી ગોસાઈ–વડિયા

અમરેલી, તા. ૨૭

હવામાન ખાતાની આગાહી મુજબ અમરેલી જિલ્લામાં ગઈકાલ સવારથી જ જાણે અષાઢી માહોલ સર્જાયો હોય તેમ દિવસભર જિલ્લામાં કમોસમી વરસાદે ધમરોળતા અને કાનનાં પરદા ફાડી નાંખે તેવી ગર્જના અને નાગિન જેવી વીજળીના ચમકારા વચ્ચે જિલ્લાના કેટલાંક ભાગોમાં કરા સાથે હળવા ઝાપટાંથી લઈ અને ત્રણ ઈંચ જેટલો કમોસમી વરસાદ ત્રાટકયો હતો. આ ઝબુક વીજળી પડવાના કારણે એક યુવકનું મોત નિપજયું હતું. જયારે ફરી તેજ વિસ્તારમાં વીજળી પડતાં એક આધેડ ગંભીર રીતે ઘવાયા હતાં.

ગઈકાલે કમોસમી વરસાદે અમરેલી જિલ્લા ઉપર જાણે કહેર વર્તાવ્યો હોય તેમ વરસાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું. ખાંભા તેમજ ગીરના ગામડાઓમાં હવામાન વિભાગની આગાહી અનુસાર ગઈકાલે વહેલી સવારથી ખાંભા શહેર તથા ખાંભા તાલુકાના ગીરના ધુંધવાના, ભાડ, નાનુડી, પીપળવા, ખડાધાર સહિત ગામોમાં કમોસમી વરસાદ પડતાં જ ખેડૂતો તથા આમઆદમી તથા વન્ય પશુઓમાં વ્યાપક ભય છવાયો હતો. આ કમોસમી વરસાદ માવઠાથી ખેતીના પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાય રહી છે.

ધારી શહેર તથા તાલુકાના ગીર પંથકમાં પણ ગઈકાલે કમોસમી ધોધમાર વરસાદ પડયો હતો. આ ઉપરાંત ગીરના ગામડાઓમાં સરસીયા, ઝર, ખોખરા, ખિચા, મોરજર સહિતના ગામડાઓમાં ચોમાસા જેવા માહોલ વચ્ચે ગીરના વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર કમોસમી વરસાદ પડયો હતો. જયારે ધારી ગીર પંથકમાં વરસાદનો બપોરે બીજો રાઉન્ડ શરૂ થતા ધારી તાલુકાના ગીરના કુબડા અને ચલાલામાં કરા સાથે વરસાદ ખાબકયો હતો.

બગસરા શહેર તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર




## ઘરનાં છોકરા ઘંટી ચાટે ને પડોશીને લાભાલાભ

# ગુજરાતની જનતા ભાજપને ખોબલે–ખોબલે મત આપે ને રાહત બધી જ પડોશી રાજયોની જનતાને મળે

### રાજયનાં કરોડો પરિવારને ભાજપ કરે છે અન્યાય : કોંગ્રેસ

અમરેલી, તા. ૨૭

ગુજરાતની જનતાએ છેલ્લા ૩૩ વર્ષથી ભાજપને મતરૂપી સહકાર આપીને સમગ્ર વિશ્વમાં અગ્રિમ સ્થાને પહોંચાડયો અને જયારે પાર્લામેન્ટમાં માત્ર ૮૨ બેઠક હતી ત્યારથી ભાજપને સાથ આપવાનું શરૂ કરીને ૩૦૩ બેઠક સુધીની ભાજપની સફરમાં સિંહફાળો આપ્યો અને બદલામાં ભાજપે સૌથી વધુ અન્યાય ગુજરાતની જનતાને કર્યો હોવાનો વસવસો રાજયનાં કરોડો પરિવારો દર્શાવી રહ્યા છે.

ગુજરાતનાં પડોશી રાજય રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતનાં પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી છે અને ત્યાં ભાજપ દ્વારા રૂપિયા ૪૫૦માં ગેસ સીલીન્ડર, લાડલી યોજના અંતર્ગત મહિલાઓને દર મહિને ૧૨૫૦, વીજબીલ માફ સહિતની અનેક યોજનાઓ આપવામાં આવી રહી છે અથવા તો તેમનું વચન આપવામાં આવ્યું છે. પરંતુ ગુજરાતની જનતાને રૂા. ૮૦૦થી ૯૦૦ ગેસ સીલીન્ડર, મહિલાઓને કોઈ આર્થિક મદદ નહી, વીજબીલમાં કોઈ રાહત નહી. ત્યારે વડિયાનાં કોંગી અગ્રણી જુનેદ ડોડીઆએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ગુજરાતની જનતાને પણ કલ્યાણકારી યોજનાનો લાભ આપવા રજૂઆત કરી છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)